॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

સપ્ટેમ્બર ૨૦૧૧

રૂ. ૫/૦૦



**શ્રી સ્વામિનારાયણ મંદિર – માંડવી**

**હિંડોળા મહોત્સવ પ્રસંગે સ્ટીમરનુ ઉદ્‌ઘાટન કરતા**

**મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજી તથા આદિ યજમાનો**




















(૧) સ્મૃતિ મંદિર ભુજ મધ્યે બાર બારણાનો હિંડોળો. (૨) અંજાર બહેનોના મંદિરે હિંડોળા દર્શનનું ઉદ્‌ઘાટન. (૩) રાપર ગુરુકુળે હિંડોળા દર્શન. (૪) ભુજ બાઈઓના મંદિરે હીંડોળા તૈયાર કરવાની સેવા કરતાં સાંખ્યયોગી બહેનો. (૫) ભુજ મંદિરે જન્માષ્ટમીની મધરાતે બાલકૃષ્ણ પ્રભુની આરતી ઉતારતા મહંત સ્વામી. (૬) ભુજ મંદરે જન્માષ્ટમીએ યુવકમંડળના યુવકો દ્વારા મટકી ફોડ. (૭) ભુજ મંદિરે જન્માષ્ટમીની રાત્રે ભક્તિ સંગીતનો કાર્યક્રમ. (૮) માધાપર છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા બોર્ડર પરના ગામોના ગરીબ વિદ્યાર્થીઓને ભુજ મંદિર તરફથી સાયકલ ભેટ આપતા મહંત સ્વામી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। यावज्जीवं च शुश्रूषा कार्या ।।    ।। मानवसेवा प्रभुसेवा।।

## ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


### લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- ✔ | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- ✔ | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


**:: E-mail ::**
sandesh@bhujmandir.org
info@bhujmandir.org
**:: website ::**
www.bhujmandir.org.



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૦, અંક - ૯ - સપ્ટેમ્બર-૨૦૧૧
સળંગ અંક - ૩૧૦

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

જળાશય ઉપર જળ લેવા ગયેલા ધર્મરાજ યુધિષ્ઠિરને યક્ષે પ્રશ્ન પૂછ્યો, ''આ વિશ્વમાં મોટામાં મોટું આશ્ચર્ય ક્યું છે ?'' ધર્મરાજ યુધિષ્ઠિર પ્રશ્નનો જવાબ આપતાં યક્ષને કહે છે, ''દરરોજ અનેક મનુષ્યો મરે છે, તે જોવા છતાં લોકો મૃત્યુથી બચવાની ઈચ્છા રાખે છે, એ આ વિશ્વમાં મોટામાં મોટું આશ્ચર્ય છે''

''જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ'' જન્મ લેનારને મૃત્યુ ધ્રુવ સમાન અવિચળ છે.

''હે બહારે બાગ દુનિયા ચંદ રોજ, દેખ લો ઈસકા તમાશા ચંદરોજ''

આ વિશ્વના બગીચાની વસંત ગણ્યા ગાંઠ્યા દિવસો પુરતી જ છે. એનો ખેલ થોડા દિવસો સુધી જોઈ લો. કહેવાનો સાર એ છે કે જીવન ક્ષણભંગુર છે.

જન્મ્યા એટલે જરૂર જવાના - એ લેખમાં કોઈ મેખ મારી શકે તેમ નથી. પાણીનો પરપોટો ફૂટી જશે એ નક્કી છે. એ ક્યારે ફૂટશે એ વાતનો નિરધાર નથી. ફૂટશે ત્યારે પલકવારમાં. પરપોટો ફુટવામાં વાર શી ? જિંદગીને નંદવાતાં વાર શી ?

જન્મમરણની કળ શ્રીહરિએ પોતાના હાથમાં રાખી છે, અને એ જબરો જાદુગરો વિશ્વમાં પ્રાણીઓને જન્મથી મૃત્યુ સુધી કઠપુતળાંની જેમ નચાવે છે. શ્રીહરિના સંતો જનતાને ચેતવણી આપતા રહે છે.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''જાવું છે રે જાવું છે નેદાન, ભજ ભગવાન રે ! જીવ જાવું છે'' સ.ગુ. દેવાનંદ સ્વામી ચેતવે છે, ''કાળનાં ગડે નગારાં કાળનાં ગડે, આગળ ધેં ધેં ધેં ધેં નગારા કાળના ગડે''

માનવીને મૃત્યુનો ભય ડરાવતો હોય છે. જીવનમાં બીજા ભય સામાન્ય હોય છે. તેમને એક યા બીજા ઉપાયથી નિવારી શકાય છે. એટલે માનવીને ખરેખરો ભય મૃત્યુનો છે. ''નરસ્ય જાતસ્ય નાન્યત્ર મરણાત્ ભયમ્'' જન્મ લેનાર મનુષ્યને મરણ સિવાય બીજો ભય નથી.

શ્રીજી મહારાજે મૃત્યુના ભયમાંથી ઉગરવાનો અને મૃત્યુને સુધારવાનો ઉપાય હરિભક્તોને આપ્યો છે. પરમાત્માનું મહાત્મ્ય સમજી ધર્મ સહિત ભક્તિને વરેલો એકાંતિક હરિભક્ત મૃત્યુને તરી જાય છે, એકાંતિક ભક્તિ વડે સંસારનાં સુખ-દુઃખની ભ્રમણા દૂર થાય છે. અને ભક્ત નિર્ભય બને છે. સ.ગુ. મુક્તાનંદ સ્વામીની પંક્તિ યાદ રાખીએ, ''નિર્ભયની નોબત રે હો વાગી, કહે મુક્તાનંદ ભ્રમણા ભાગી.''

આ પ્રતાપ શ્રીહરિની ભક્તિનો છે, જે કર્મફળ અને પૂર્વનાં પાપનો નાશ કરી 'પુનરપિ જનનં પુનરપિ મરણમ્' ના લખચોરાશીના ચક્કરને છેદી નાખે છે અને ભક્ત મુક્તપદે પહોંચી શ્રીજી મહારાજની સેવામાં વિહાર કરે છે.

મૃત્યુના પંજાની થાપ વિવિધ પ્રકારે લાગે છે. કુદરતી મૃત્યુ ઉપરાંત અકસ્માત, આપઘાત, ખૂન, પ્રકૃતિના વિનાશક તાંડવ, હિંસક પ્રાણી, ઝેરી જીવ જંતુ આદિક મૃત્યુનાં નિમિત્ત બને છે.

શ્રીજી મહારાજે પોતાના આશ્રિતોને કોઈપણ રીતે કરીને આત્મઘાત ન કરવાની સ્પષ્ટ આજ્ઞા શિક્ષાપત્રીમાં કરી છે. શ્રીહરિનો ભક્ત સ્વઘાત કરવા પ્રેરાય એવો નિર્માલ્ય અને નાહિંમત હોઈ શકે નહીં.

પરમ સિધ્ધ પુરુષો શુભ સમય નક્કી કરી સ્વેચ્છાએ યોગક્રિયાથી દેહમુક્ત થાય છે. બાણ શૈયા ઉપર સૂતેલા ભીષ્મપિતામહે દક્ષિણાયન પૂર્ણ થતાં સુધી દેહને ટકાવી રાખ્યો અને ઉત્તરાયણનો સમય પ્રાપ્ત થતાં દેહ ત્યાગ કર્યો. શિવાનંદ સ્વામીએ (ઋષિકેશ) સ્વેચ્છાએ દેહમુક્ત થવા વાસ્તે અગાઉથી તિથિ અને શુભ સમય નક્કી કરી સમાધિ તૈયાર કરાવી હતી. નિશ્ચિત સમય આવતાં સમાધિમાં બેસી દેહત્યાગ કર્યો હતો. નારેશ્વરના નાથ ''રંગ અવધૂત પ્રભુ'' હરિદ્વાર જઈ પોતે ઠરાવેલ શુભ સમયે ગંગા તટસ્થ 'આર્યગ્રહ' ના ખંડમાં બેસી બ્રહ્મલીન થયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અક્ષરધામમાં સાકાર સ્વરૂપે બિરાજમાન રહી જનકલ્યાણ માટે અને આસુરી વર્ગનો નાશ કરવા મનુષ્ય અવતાર ધારણ કર્યો. અવતારી કાર્ય પૂર્ણ કરી સ્વેચ્છાએ સ્વધામ પધાર્યા. સ્વયં પરબ્રહ્મ પરમાત્મા હોઈ એમની ચાલ વિશ્વથી ન્યારી, સર્વતંત્ર સ્વતંત્ર છે. ઈતિ. જય શ્રી સ્વામિનારાયણ.

# સમાગમે સંત

- ધરમશીભાઈ દેવશી ભગત (રવાપર હાલે ત્રિવેન્દ્રમ્)

## હરિના હુકમે સાધુ થયા

બંધીઆ ગામે શ્રીહરિ સભા કરી બિરાજેલા તેવામાં ભુજના સુતાર સુંદરજીભાઈ બીજા સાતેક ઘોડેસવારો સહિત દર્શને આવ્યા. મહારાજની મનોહર મૂર્તિ જોઈ સુંદરજીભાઈ સ્તબ્ધ બની ગયા. મોહિત થઈ ગયા. મહારાજે સુંદરજીભાઈનો હાથ પકડી પાસે બેસાડી કચ્છના સર્વે સમાચાર પૂછ્યા. છેલ્લે પૂછ્યું તમે કેમ છો ? સુખીઆ તો છો ને ? સુંદરજી કહે આપના પ્રતાપે સુખી છું. આપનો દાસ જાણી મુજ પર સદા દયા રાખજો. પછી તેમની પરીક્ષા લેવા શ્રીહરિએ કહ્યું, દાસ છે એમ કહેવું સહેલું છે પણ વર્તી બતાવવું અઘરું છે. ત્યારે સુંદરજીભાઈ બોલ્યા, તમારી કોઈ આજ્ઞા લોપીશ નહીં. દાસનો પણ દાસ બનવા તૈયાર જ છું. પ્રભુ કહે સંસાર છોડી શકશો ? જો તૈયાર હો તો આ દાઢી મૂછ મુંડાવી મુંડન કરાવીને આવી જાવ. પછી એ જ વખતે હજામને બોલાવ્યો ને દાઢી મૂછ મુંડાવ્યાને સ્નાન કરી શ્રીહરિ પાસે આવી બે હાથ જોડી ઊભા રહ્યા. બોલો હવે શી આજ્ઞા છે ?

શ્રીહરિએ ડોસાભાઈને કહ્યું અમે જ્યારે આ પ્રદેશમાં આવ્યા ન હતા ત્યારે તમને રામાનંદ સ્વામીએ કાશીએ જઈ આવવાની આજ્ઞા કરેલી. જો આ વાત સાચી હોય તો તમે એ આજ્ઞાનું આજ દિ સુધી પાલન કેમ નથી કર્યું ? આ સાંભળી ડોસોભાઈ બોલ્યા, પ્રભુ વાત તો સાચી જ છે હું એ વાતને ભૂલી જ ગયો હતો. આપે યાદ કરી સારુ કરાવ્યું. આપ તો અંતર્યામી છો, મારી ભૂલ થઈ હવે તમે જેમ કહો તેમ જ કરવું. શ્રીહરિએ હુકમ કર્યો. સુંદરજીભાઈ અને તમે જ્યાં બેઠા છો ત્યાંથી ઊભા થઈ સીધા કાશીએ જવા નીકળી જાવ. રસ્તામાં પૈસાટકાની જરૂર પડે તો ગળામાં જે સોનાના દોરા પહેર્યા છે તે વટાવી લેજો. બન્ને જણ આજ્ઞા માની રવાના થઈ ગયા. બે ગાઉ દૂર ગયા હશે. આ બાજુ સંતોએ શ્રીહરિને કહ્યું આ ખોટું થયું. લોકમાં ખબર પડશે કે આ બેયને સ્વામિનારાયણે મુડીઆ બનાવીને રવાના કરી દીધા, તેમના કુટુંબ રખડાવી માર્યા, તો તમારું જ બદનામ થશે. કોઈ તમને ભજશે નહીં. એના સગાં આવીને હોબાળો કરશે એ અલગ. પછી પ્રભુએ બે ઘોડેશ્વારને મોકલી બન્નેને પાછા બોલાવ્યા. શ્રીહરિ ખૂબ રાજી થઈ બન્નેની છાતીમાં ચરણાર્વિંદ આપ્યાં. એક જણે સુંદરજીભાઈને પૂછ્યું, અરે, આ શું ? દાઢી મૂછને મુક્ત કેમ કરાવવું પડ્યું ? સુંદરજીભાઈએ કહ્યું, મારી માનતા હતી.

હવે વાચકો આ ઘટનાનું મૂલ્યાંકન કરો. બન્ને જણ પોત પોતાના ગામના પ્રતિષ્ઠિત અને ધનવાન. ઘરે જઈ પત્નીને મળી રજા લઈ આવું. પુત્ર  તથા પુત્રી જમાઈને મળી લઉં પછી સાધુ થઈ કાશીએ જઉં આટલી મહેરબાની કરો. આવી કોઈ માગણી ન કરી. સર્પ જેમ કાંચળી ઉતારે તેમ કુટુંબ પરિવાર છોડીને ચાલી નીકળ્યા. આટલી હિંમત પ્રભુની કૃપા વિના આવતી નથી. આ બન્ને જણ ગીતા ભણ્યા ન હતા પણ ગીતા જીવનમાં પચાવી જરૂર હતી.

દૈવી યેષાં ગુણમયી મમ માયા દૂરત્યયા
મામેવંમે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તી તે
- ગીતા અધ્યાય-૭, શ્લોક ૧૪

હે અર્જુન, મારી માયા તરવી ખૂબ અઘરી છે પણ મારો જે ભક્ત છે તે આરામથી તરી જાણે છે.

હવે વિચારો, આપણે એવા પ્રતિષ્ઠિત નથી, તેમના જેવા પૈસાદાર પણ નથી. પત્નિ અને બાળકોને મૂકી દઈએ તેવા નથી. સાધુ થઈએ તેમ નથી અને પગે ચાલી કાશીની યાત્રા કરવા પણ તૈયાર નથી અને શ્રીહરિને પામવા છે તો લાગે છે તે શક્ય બનશે ? અઘરું છે પણ સત્સંગીઓ માટે તે સુગમ છે એ કળા હાથ લાગે તો.

''તેન ત્યક્તેન ભુંજીથા મા ગૃધઃ કશ્ચિત ધનમ્''
- ઈશાવાસ્યોપનિષદ

આ બધાનો ત્યાગ કરીને તું ભોગવ. હૈયાથી છૂટે તે વૈરાગ્ય ધારણ કર અને પછી જરૂર પામીશ. ''માયા મેતાં તરન્તી તે''.

લેખ નં. ૭૦

## આયુર્વેદિક સરળ ઉપચાર

- મહેન્દ્ર બી. દવે (માંડવી)

# સોરાઈસિસ (PSORIASIS)

ઉપયોગિતાની રીતે બીજે નંબરે હૃદય પછી ચામડી આવે છે. જે મોટામાં મોટો અવયવ કહી શકાય. શરીરની અંદર જે કંઈ કાર્ય ચાલી રહ્યું છે તેનું પ્રતિબિંબ આપણી ચામડી છે. આપણી ચામડીમાં વીસ થી પચીસ લાખ સ્વેદગ્રંથીઓ છે. જે આખા દિવસમાં ૨ થી ૫ લીટર પરસેવો બહાર કાઢે છે. ચામડીનું પડ એવી જાતનું છે જે પાણીને જરાપણ અંદર જવા દેતું નથી.

ચામડી એક જાતની કેમીકલ ફેકટરી છે. જ્યાં પ્રોટીન ચરબીની ચયાપચય (મેટાબોલીઝમ) ક્રિયા થાય છે. તેમાં કેટલાક પાચકરસો પણ છે. શરીરમાં પાણીનો સંગ્રહ કરનાર અગત્યનું સ્થાન ચામડી છે.

હાલમાં 'સોરાઈસિસ' નામનો રોગ ઘણો જોવા મળે છે. ચામડીના કેટલાક રોગોમાં આ રોગ ૩ ટકા જેટલો છે. જે હઠીલું, વિચિત્ર દરદ છે. એલર્જી સાથે આ રોગને કોઈ સંબંધ નથી અને ચેપી પણ નથી. પુરુષોમાં આ દરદ વિશેષ જોવા મળે છે. ૧૦-૧૫ વર્ષના બાળકોમાં પણ જોવા મળે છે.

આ રોગ આખા શરી થાય છે. ખાસ કરીને ઘુંટણ, કોણી, માથું, પીઠ, ધડ ઉપર સફેદ ભીંગડાંવાળા ચાંઠા (**White Scales**) જોવા મળે છે. નખ ખરબચડા જણાય છે. આ રોગ રક્તવિકારનો નથી એટલે ખાસ પરેજીની જરૂર નથી. થોડો વખત મરચાં-મીઠા વિનાના ખોરાક પર રહી શકાય. જો ફેર ન પડે તો સાદો ખોરાક બધો લઈ શકાય.

<u>બહારના ઉપચાર :-</u> પ્રથમ ચાઠાં ઉપરથી ભીંગડા કાઢી નાખ્યા પછી ખૂજલી હોય તો કંડુધન તેલ ચોપડવું. જેથી ખુજલી અને ચાઠાં સુધરશે. પારાગંધકવાળા બીજા મલમ પણ લગાડી શકાય.

<u>અંદરના ઉપચાર :-</u> <u>પંચતિક્ત ધૃત ગુગ્ગુલુ</u> જે ખૂબ જ કડવી હોય છે. સવાર/સાંજ બે વખત ૧-૧ ચમચી એક કપ ગરમ દૂધમાં મેળવી પી જવું. જે આ રોગ માટે સારી દવા છે. લાંબો વખત ચાલુ રાખવી પડે. રોજ લીમડાના પાન ઉકાળી તે પાણીથી સ્નાન કરવું. અથવા ખેરના છોડાં ઉકાળીને તે પાણીથી સ્નાન કરી શકાય. આ દરમ્યાન સાબુનો ઉપયોગ ન કરવો.

આ ઉપરાંત (૧) ત્રિફળા રસાયન ગુગળની ગોળી સવાર/સાંજ ૨-૨ ચમચી પાણી સાથે લેવી. આ બધી દવાઓ ધીરજપૂર્વક લાંબો સમય કરવી.

(હવે પછી જવર-તાવ)

# સાવધાન !! તમે કોનો સંગ કરો છો ?

- રમણ ગજ્જર (ભુજ)

એમ કહેવાય છે કે વ્યક્તિ તેના મિત્ર વર્તુળ - સંગથી ઓળખાય છે, અને સંસ્થાઓ તેના કાર્યકરોથી ઓળખાય છે. માટે માનવજીવન અને સંસ્થાની વિકાસ પ્રક્રિયામાં તે બન્ને કોનો સંગ કરે છે તેના પર તેનો વિકાસ અવલંબે છે.

દૂધને જો જરા સરખી છાસનો સંગ થાય છે તો તે દહીં બની જાય છે અને દૂધ પોતાનું નામ ગુમાવી દે છે. આ છે સંગની અસર. સરસ મજાના પકવાન હોય પણ જો તેના પર સાપની લાળ પડે તો તે ઝેર બની જાય છે અને તાકાત આપના પકવાન માણસના પ્રાણ હરી લે છે. આ પણ સંગનું જ પરિણામ છે.

માટે સુખી જીવન જીવવું હોય અને સત્સંગમાં વૃધ્ધિ પામવું હોય તો સંગની પસંદગીમાં ખૂબ જ સાવધાની રાખવી પડે છે. વળી જે માણસો

ભગવાન અને સત્પુરુષોના વચનમાં વિશ્વાસ નથી રાખતા તે પણ કુસંગી જ કહેવાય. તેવા માણસોથી તો દૂર જ રહેવામાં જીવનનું શ્રેય રહેલું છે. કુસંગથી દૂર રહેવું, તે માણસના પોતાના જ હાથની વાત છે. ગરમ કોલસાને સ્પર્શ કરવાથી દાઝી જવાય, ફોલ્લા પડી જાય. તેમ કુસંગ પણ માનવીના જીવનને દઝાડે છે. તેથી જ જેમના હૈયે પોતાના ભક્તોનું હિત રહેલું છે તેવા ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા મધ્ય પ્રકરણના અઢારમાં વચનામૃતમાં ''નાસ્તિક અને શુષ્ક વેદાંતી''ના સંગથી દૂર રહેવા આજ્ઞા કરેલી છે.

જે ભક્તોએ ભગવાન શ્રીહરિને ભક્તવત્સલ, પતિતપાવન અને અધમઉદ્ધારણ માનેલા છે તેમણે તો શ્રીહરિની આ આજ્ઞા શિર સાટે પણ પાળવી જોઈએ. આજકાલ હથેળીમાં ચાંદ બતાવનાર કંઈક લેભાગુ નીકળી પડ્યા છે ત્યારે સંગની પસંદગી કરવામાં સાવધ રહેવું જોઈએ તે સમયની માંગ છે. નહીંતર બહુ મોટી કિંમત ચૂકવવાનો વારો આવે જ.

વેદ વ્યાસે કહ્યું છે કે, ''તીર્થસ્થાન, દેવસ્થાન તથા મંત્રજાપ બહુ દિવસોની સાધના પછી પવિત્ર કરે છે, જ્યારે સાધુ દર્શન માત્રથી પવિત્ર કરે છે'' હવે વિચારો કે જેના દર્શનથી જો પવિત્ર થઈ જવાય તો તેમના સાંનિધ્યમાં રહેવાથી તેમનો સંગ કરવાથી કેટલા બધા માલામાલ આપણે થઈ જઈએ. સંતોનો સંગ કરનારને દુનિયાના ઝેરી વાયરાની લગીરેય અસર થતી નથી. નહીંતર આજે તો ટી.વી., મોબાઈલ, મોટર સાઈકલ, ઈન્ટરનેટનો સંગ ક્યારેક માણસના પ્રાણ પણ લઈ લે છે. માટે સાવનાન !!! જય શ્રી સ્વામિનારાયણ.

## ભક્તિસુધા

- કેશરબેન રાઘવાણી
(બળદિયા ની.વા.)

અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ પુરુષોત્તમ નારાયણ અનેક જીવના કલ્યાણ કરવા તેમજ એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટે અને પોતાના પ્રેમી ભક્તોના મનોરથો પુરા કરવા માટે આ પૃથ્વી પર પધાર્યા. જે ખરેખર ભક્ત હોય તે મહારાજ જે સ્થિતિમાં રાખે તેમાં રાજી થકો રહે પણ ભગવાનને ક્યારે પણ દોષ દે નહીં કે મહારાજે મને દુઃખ કેમ આપ્યું ! હું ભજન કરું છું, ધર્મ પાળું છું, છતાં મારે કેમ દુઃખ આવે છે ? આવો ભગવાનના ભક્તને સંકલ્પ ન થાય. હરિ ઈચ્છાથી જે સુખ દુઃખ આવે તેને સહન કરે. ભગવાન જે કરે તે સારું જ કરે છે, આવી જેને સમજણ હોય, એ એકાંતિક ભક્ત કહેવાય.

વચનામૃતમાં પણ મહારાજ કહે છે, ત્યાગી ગૃહીનો કાંઈ મેળ નથી. જેની સમજણ મોટી તે મોટો. સમજણ કેળવવી ઘણી કઠણ છે. આપણને સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ મળ્યા છે એ આપણાં મોટાં ભાગ્ય છે એમ માનવું. જેનાં દર્શન દેવતાને પણ દુર્લભ છે, દેવો મહારાજને પ્રાર્થના કરે છે, નમસ્કાર કરી કરીને માથાના મુગટના મણિ પણ ખરી ગયા છે તો પણ ભગવાનનાં દર્શન થતાં નથી. આપણને ચોવીસે કલાક દર્શન થાય છે તો આપણાથી બીજો કોઈ ભાગ્યશાળી નથી, આવો કેફ રાખવો. સંસારનાં સુખ-દુઃખ તો આવ્યા કરે, પણ દુઃખ દેખીને મહારાજને મૂકીને કોઈ બીજા દેવ-દેવીનો આશરો કરવો નહીં. આપણા સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ છે. સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે, ભક્ત પાસે પણ ધ્યાન રખાવે છે, પણ આપણી નિષ્ઠા પાકી હોવી જોઈએ.

બોટાદની બાજુમાં એક ગામમાં ગીગાભાઈ ધાંધલ નામના એક એકાંતિક ભક્ત હતા. વ્યવહારે સાધારણ હતા પણ ભક્તની સમજણ બહુ ઊંચી હતી. પોતે આંખે દેખતા ન હતા. પરિવારમાં એક દીકરો અને એક દીકરી હતાં. પોતે ઘરભંગ થયા હતા. નાની

વયમાં દીકરી વિધવા થઈ. પિયરમાં રહેતી હતી. દીકરો ખેતીનું કામ કરતો અને ગીગાભાઈ શાંતિથી ભગવાનનું ભજન કરતા. એમાં યુવાન કમાઉ દીકરો બિમાર પડ્યો. ભગત દીકરાના ખાટલા પાસે બેસી માળા કરે. ભગવાનની વાતો કરે. દીકરાને મહારાજે દર્શન આપી કહ્યું કે તારું આયુષ્ય પુરું થઈ ગયું છે. અમે તને તેડવા આવ્યા છીએ. તો તારા બાપાને પૂછી જો. તે રાજી થઈને રજા આપે તો તેડી જઈએ. આ સાંભળી ગીગા ભગતે પૂછ્યું, બેટા કોની સાથે વાતો કરે છે ? દીકરો કહે, બાપા, મહારાજ મને તેડવા આવ્યા છે. તમે રજા આપો તો હું ધામમાં જાઉં.

ગીગા ભગત કહે બેટા, મહારાજ તેડવા આવ્યા હોય તો સુખેથી જા. મારી ચિંતા કરીશ નહીં. હરખતે હૈયે બાપાએ રજા આપી. મહારાજ ધામમાં તેડી ગયા. વહેલું મોડું સહુને ત્યાં જવાનું જ છે. તેનો શોક કરવાનો ન હોય. મહારાજ કરે છે તે સારું જ કરે છે. ઘરમાં ગીગા ભગત અને દીકરી બે રહ્યાં. ભગવાનના સ્મરણ સાથે વ્યવહાર ચાલ્યો જાય છે. છ માસ થયા ત્યાં દીકરી બિમાર પડી. તેને પણ મહારાજ ભક્તને પૂછાવીને ધામમાં લઈ ગયા. ત્યારે સગા સંબંધી કહેવા લાગ્યાં. ભગત તમે અંધ અને તમારા દીકરા દીકરીને મહારાજ ધામમાં તેડી ગયા. ત્યારે ભગત કહે, મારી ચિંતા મહારાજે ઓછી કરી નાખી. મને એ ચિંતા રહ્યા કરતી કે મારા ગયા પછી યુવાન વિધવા દીકરીું શું થશે ? મારી ચિંતા મને થાય એના કરતાં મારા ભગવાનને વિશેષ થતી હશે. મહારાજે મને ચિંતામુક્ત કર્યો.

પછી મહારાજે બોટાદના શિવલાલભાઈને દર્શન દઈને કહ્યું કે અમે ગીગા ભગતના દીકરા-દીકરીને ધામમાં લઈ ગયા છીએ. ત્યારે શિવલાલભાઈએ કહ્યું, એ અંધ ડોસાનું શું થશે ? ત્યારે મહારાજ કહે તમને એ જ ભલામણ કરવા આવ્યા છીએ. એમની સાચવવાની જવાબદારી તમારા માથે છે. ત્યારે શિવલાલભાઈ કહે સારું. મહારાજ મારાં મોટાં ભાગ્યા કે એ ભક્તની સેવા મને મળી. હું કાંઈ કચાશ રહેવા નહીં દઉં.

પછી શિવલાલભઈ ભગતને ગામ જઈ ભગતને મળ્યા અને મહારાજે દર્શન દઈને જે વાત કરી હતી તે કહી. થોડા સમયમાં મહારાજ ગીગા ભગતને પોતાના ધામમાં લઈ ગયા. ભક્ત જો દુઃખમાં ભગવાનને ન ભૂલે, ભગવાન વિના બીજા કોઈ દેવ-દેવીનો આશરો ન કરે તો ભગવાન એનું દરેક રીતે ધ્યાન રખાવે છે. માટે ભગવાનનો દઢ આશરો રાખવો ને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું.

## પતિવ્રતા ભક્તિ

- વસંત પી. જાદવ
(કેશોદ)

દરેક સંપ્રદાયના અનુયાયીમાં પોતાના ઈષ્ટદેવની ભક્તિ એ મુખ્ય અંગ હોય છે. પણ પતિવ્રતાભક્તિ જ ઉપાસનાનું મુખ્ય કારણ છે. પતિવ્રતા ભક્તિ એટલે એકાંતિક ભાવ. જીવાત્મા અને પરમાત્માનો સંબંધ એટલે એકાંતિક ભાવ. એક પોતાના ઈષ્ટદેવ સાથે સંબંધ એટલે પતિવ્રતા ભક્તિ. અગાઉ જે શુક-સનકાદિક, નારદ, સીતાજી, લક્ષ્મણજી, રાધિકાજી, દાદા ખાચર, જીવુબા-લાડુબા આ બધાને એક પોતાના ઈષ્ટદેવને વિશે જ પ્રીતિ હતી. એક પોતાના ઈષ્ટદેવને જ પતિભાવે સેવતા હતા. સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય ચિત્ત ચોંટે નહીં ત્યારે સમજવું કે આપણી પતિવ્રતા ભક્તિ સાચી. સંસારમાં જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સિવાય કોઈ ગુણવાન પુરુષમાં હેત રાખે નહીં ત્યારે જ તેની પતિવ્રતાની ટેક રહે, બીજાના ગુણભાવ જોઈ તેમાં

પ્રીતિ કરે તો પોતાનું પતિવ્રતાપણું નાશ પામે છે. અમુક ભક્તો એમ કહેતા હોય છે કે આપણે તો બધા ભગવાન સરખા. ત્યારે તેમની પતિવ્રતાભક્તિ નાશ પામે છે. વ્યભિચારણિણી સ્ત્રી બધા પુરુષોમાં પ્રીતિ કરે છે. તેનો સંગ પતિવ્રતા સ્ત્રી કરે તો તેનું પણ પતિવ્રતાપણું નાશ પામે છે. પોતાના ઈષ્ટદેવને મૂકી બીજા દેવના ગુણ, ઐશ્વર્ય ને ગ્રહણ કરે ને પ્રીતિ કરે તો તેની ભક્તિ વ્યભિચારીણી થઈ જાય છે. પતિવ્રતાભક્તિ એટલે એકાત્મકભાવ, મોક્ષના લક્ષ્યરૂપી શિખર પર પહોંચવા એક ઈષ્ટદેવનીભક્તિરૂપી દોરીને પકડે તો સરળતાથી મોક્ષરૂપી શિખર સર કરી શકે. ઝાઝા દેવની ભક્તિરૂપી દોરડાં પકડે તો મોક્ષના શિખરે પહોંચાય નહીં, કારણ પતિવ્રતાભક્તિ રહેતી નથી.

શ્રીજી મહારાજે ગઢડા અંત્ય પ્રકરણના ૧૬ મા વચનામૃતમાં કહ્યું છે કે, પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સાથે પણ પ્રીતિ થાય નહીં, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેની સંઘાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે વર્તે અને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને. એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિષે પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિષે હેત થાય જ નહીં, એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય, તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય અને જેનું અંગ એવું ન હોય તેની વ્યભિચારિણી નારી જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નામ કપાય એવી ભક્તિ ન કરવી. એક પોતાના ઈષ્ટદેવને વિષે જ નિષ્ઠા. બીજા કદાચ હથેળીમાં ભગવાન બતાવે તો પણ તેનો વિશ્વાસ રાખે નહીં. તેની જ પતિવ્રતા ભક્તિ સાચી. માટે હનુમાનજીના જેવી પતિવ્રતાભક્તિ કરી મનુષ્ય જન્મ સફળ કરી લેવો એ જ ભગવાનના ભક્તનું સાચું કર્તવ્ય છે.

## સત્સંગનાં સ્ત્રી ભક્ત રત્નો

- રાધાબેન ગોળવિયા

સંપ્રદાયમાં સ્ત્રીભક્તોનું યોગદાન અતિ મહત્ત્વનું રહ્યું છે. સાધુ સંતો અને ગૃહસ્થ પુરુષ ભક્તો દ્વારા જેટલો સત્સંગનો પ્રચાર-પ્રસાર થયો છે તેટલો જ પ્રચારપ્રસાર સત્સંગનો સાંખ્યયોગી બહેનો ભક્તો અને ગૃહસ્થ સ્ત્રી ભક્તોનું પણ યોગદાન તેટલું જ રહ્યું છે. સંસારમાં સર્વેની ભેળા રહી અને અલિપ્ત રીતે સાંખ્યયોગ પાળી સ્ત્રી ધર્મને ઉજ્જવળ કરી બનાવ્યો છે. કોઈપણ સત્સંગના કાર્યો કે ઉત્સવ સમૈયામાં સેવા હોય ત્યારે પુરુષ ભક્ત માત્ર સેવા જ કરે જ્યારે સ્ત્રી ભક્તો સેવા સાથે ભક્તિ પણ તેટલી જ કરે જેનું જીવંત ઉદાહરણ ગઢપુરમાં મોટો પ્રથમ અન્નકૂટ ઉત્સવ શ્રી વાસુદેવનારાયણ આગળ થયેલ તે વાત ઉપરથી ખ્યાલ આવશે કે સ્ત્રી ભક્તની સેવા અને ભક્તિ કેવી હતી.

સાંખ્યયોગી બહેનોએ ગૃહસ્થ કર્મયોગી બહેનોએ હદ કરી નાખી. એમના આહાર વિહાર શુધ્ધ અને નિયમઅનુસાર રાખી શ્રમ અને સમર્પણની ભાવના રાખી ચારિત્રો ઘણાં જ ઉજ્જવળ બનાવ્યા છે અને એમની સમજ કાયમ નિશ્ચયવાળી રહી છે. કુટુંબનાં સુખ-દુઃખ અને કામની જવાબદારી હોવા છતાં વૈરાગ્ય પ્રધાન ભક્તિ રાખીને સંસારના અનેક પ્રલોભનો સામે ટક્કર આપીને ચડિયાતા ધર્મોનું પાલન કરીને બતાવ્યું છે. પૂર્વે ઋષિ મુનીઓ, મહંતો, સંતો, આચાર્યો, ગૃહસ્થો, મોટા રાજા મહારાજાઓઓએ બ્રહ્મચર્યનું પાલન કરીને બતાવ્યું છે પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં મોટીબા, લાડુબા, રાજબાઈ જેવાં અનેકાનેક સ્ત્રીઓએ શ્રીહરિના આશીર્વાદથી બ્રહ્મચર્ય પાળીને એક વિશિષ્ટ પ્રણાલિકા

દૃઢ કરી છે. પોતે ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મનું યથાર્થ પાલન કરીને પોતાના પતિ પુત્ર વગેરેને સન્માર્ગે વાળ્યા છે. આવાં સ્ત્રી ભક્ત રત્નો મહારાજ વખતે હતાં અને આજે પણ તેમની ભક્તિની ફોરમ જેમ અત્તરનું પૂમડું ગમે તેના કાનમાં ગમે ત્યાં હોય પણ સુગંધ આપે તેમ તેની સત્સંગ સુવાસ મહેકી રહી છે.

ભૂતકાળમાં અનેક સ્ત્રી ભક્તોએ પારિવારિક મુશ્કેલી સહન કરીને પણ સત્સંગને અડગ રાખ્યો છે અને સત્સંગનો કેટલો ખપ બતાવ્યો છે તે વાત ઉદયપુરના મહારાણી (રાજમાતા) ઝમકુબાની વાત ઉપરથી જાણવો રહ્યો. અને ત્યારે મહારાજ વખતે, પછી અને આજે પણ કેટકેટલી યુવાન બહેનો પોતાનાં લગ્ન થયા બાદ સાસરમાં પોતાના પતિ, સાસુ-સસરાના કુટુંબના સભ્યોના જીવનમાં સત્સંગનાં બીજ રોપીને સત્સંગના રંગે રંગ્યાના ઘણા જ દાખલા છે. અને આથી જ તો શ્રીહરિએ સ્વયં સ્ત્રી પરત્વે અમાપ સન્માનવૃત્તિ અને આદરભાવ ધરાવ્યો છે. તેનાં પ્રમાણ વચનામૃત લોયા ૩ માં અને બીજા વચનામૃતોમાં કુશળ કુંવરબાને મૂર્તિ ધારતાં આવડે વગેરે પ્રમાણો આપ્યા છે.

મહારાજના વખતમાં ઉચ્ચ સમજણ અને ધર્મ પ્રત્યે અને ભગવાન પ્રત્યે દૃઢ નિષ્ઠાવાળા એકાંતિક સ્ત્રી ભક્તો અનેકાનેક હતાં જેઓએ સ્ત્રીજાતિને ધર્મની સાચી સમજણ આપી કલ્યાણના માર્ગો ઉઘાડ્યા છે. તેવા સ્ત્રી ભક્તો સત્સંગમાં આજેપણ દેખાય છે. સમાજમાં શિક્ષણ સાથે ધર્મનું સ્થાન અને બહેનોના મંદિરો અને કન્યા વિદ્યા મંદિરો જે દર્શનીય, સ્મરણીય અને સત્સંગની શોભામાં વધારો કરનારાં છે, જેમાં બહેનો ભક્તોનું વધુ યોગદાન છે.

મહારાજ વખતે ગઢપુરની બાઈઓ ઉપરાંત જેતલપુરના ગંગામા, ધમડકાનાં કર્ણીબા, ભચાઉના રતનબા, ડાંગરવાના જતનબા, કેરાનાં સદાબા, કુંડળના રાઈબા આદિએ સત્સંગ માટે, સંતો માટે અને મહારાજ માટે શું નથી કર્યું ? આવાં સ્ત્રી ભક્તોનો ગૌરવવંતો ઈતિહાસ સંપ્રદાયના શાસ્ત્રોમાં સુવર્ણ અક્ષરોએ કંડારાયો છે. આવા સ્ત્રી ભક્તો પરમશક્તિ સ્વરૂપ ભક્તિને પ્રેમલક્ષણાયુક્ત ભર્યાં મોતી સમાન છે. આવાં સત્સંગનાં સ્ત્રીરત્ન ભક્તો સત્સંગનું એક ભૂષણ પણ કહી શકાય.

અનેકાનેક સ્ત્રીઓએ મહારાજને પોતાની પ્રેમભક્તિને વશ બનાવ્યાં. જે ભક્તવત્સલ મહારાજ કોઈના ક્યારેય પરાધીન થયા નથી. જેમ દરબારમાંથી ઘોડી જતી નહોતી, કેશીનીબાએ ઘોડી સંતાડી દીધી, કરિયાણાના મીણબાઈએ મહારાજને સંતાડેલા. કર્ણીબાને ત્યાં ગોપીનો વેશ ધારણ કર્યો વિગેર. આવા પ્રેમભક્તિની પરાકાષ્ટાવાળા સ્ત્રીભક્તો હતા. જેમને ત્યાં વારંવાર મહારાજે પધારીને મનોરથો પૂર્ણ કર્યા છે.

સંપ્રદાયમાં સ્ત્રીભક્તોને ગુરુ કરવા જ્યાં ત્યાં ભટકવું પડતું નથી. શ્રીજી મહારાજે આચાર્ય પત્ની પૂ. ગાદીવાળાને આ કાર્ય સોંપી સ્ત્રીઓનું અલગ અને સ્વતંત્ર મોક્ષનું-કલ્યાણનું દ્વાર ખુલ્લુ કરી દીધું છે.

જેવું મહિલાઓનું સ્થાન સ્વામિનારાયણ સંપ્રદાયમાં માન, મર્યદા અને વિવેક સાથે છે તેવું ક્યાંય પણ જોવા નહીં મળે. સ્ત્રીઓનાં સ્વતંત્ર અલગ મંદિરો અને અલગ સ્ત્રીસભા, કથા-વાર્તા બોધ વગેરે. સત્સંગમાં આવાં સ્ત્રીભક્ત રત્નો થયાં છે, અને જે થાશે તેમને પણ કોટિ કોટિ વંદન.

## પ્રાસંગિક

ભગવાનનું સ્મરણ એક એવું સાધન છે કે સંસારની અનેક આધિ-વ્યાધિ આવે તેમાં સમતા કેળવી શકાય. એક જ શબ્દના વારંવાર ઉચ્ચારથી ધુન પ્રગટે છે. ધુનની એકાગ્રતા પ્રગટે છે અને એકાગ્રતાથી લય પ્રગટે છે. એ જ્ઞાનતંતુને માર્દવતા પ્રગટાવનારી છે. અત્યારના સ્વચ્છંદ કાળમાં ઉસ્કેરાયેલાં જ્ઞાનતંતુને શાન્ત પમાડવા માટે ભગવાનનું સ્મરણ એ પ્રયોગાત્મક ક્રિયા છે.

- ભુવા ક્રિષ્ના શીવજીભાઈ (કેરા)

# આત્મવિશ્વાસ

- વસંત કરસનભાઈ પોકાર
(ઘડાણી હાલે ભાલેજ)

આત્મવિશ્વાસ અને ઈશ્વરની કૃપા મેળવવા વ્યક્તિ એટલો બધો શક્તિશાળી હોય છે કે જાણે એમને ઈન્દ્ર અને કુબેરનો સાથ સહકાર મળી ગયો. એને મેળવવાનો ફક્ત એ જ ઉપાય છે કે પોતાની પ્રમાણિકતાનો વિકાસ કરવો. તેના માટે ઈશ્વર સાથે ગાઢ સંબંધ જોડવાની જરૂર છે. તેમની આજ્ઞાનું પાલન કરવાની જરૂર છે. મહાનને સમર્પણ કરનારા મહાન બનતા જોવામાં આવે છે.

સદ્‌ગુણોનો વધારો મનુષ્યમાં આત્મવિશ્વાસ વધારે છે. શાસ્ત્ર સંમત પોતાની જાત પર વિશ્વાસ રાખવો એ ઈશ્વર પર વિશ્વાસ રાખવા બરાબર છે. એને જ સાચી આસ્તિકતા કહે છે. આવી વ્યક્તિઓ પ્રભુની કૃપા સામર્થ્યના રૂપમાં તથા સંપન્નતાના રૂપમાં (કુબેરનો સહયોગ) મેળવે છે. પોતાની શક્તિનો સદુપયોગ કરીને સ્વયં ધન્ય બને છે. અને અનેકોને ધન્ય બનાવે છે. પરમાત્મા પોતાની દયા-કૃપા આવા આત્મ વિર્ધસી પર વરસાવે છે.

એકવાર તક્ષશિલા પર બીજા રાજાએ આક્રમણ કર્યુ. શત્રુની વિશાળ સેના જોઈને તક્ષશિલાના સેનાપતિની હિંમત તૂટી ગઈ. સેનાપતિએ રાજાને કહ્યું, રાજન ! શત્રુની સેના વિશાળ છે. હથિયારોથી સુસજ્જ છે. આપણે સંધિ કરી લેવી જોઈએ.

સેનાપતિની વાત સાંભળી રાજા ચિંતામાં ડૂબી ગયો. એવામાં જ રાજ્યના એક સંતને આ વાતની જાણ થઈ. તેઓ રાજા પાસે ગયા અને બોલ્યા કે હમણાંને હમણાં જ સેનાપતિને એના પદ પરથી દૂર કરવામાં આવે. હું પોતે સેનાપતિનું પદ સંભાળું છું. રાજા થોડીવાર ગુંચવણમાં પડી ગયો. પણ સંતે આ પહેલાં જે જે સેવાઓ આપી હતી એનાથી ઘણો લાભ થયો હતો. આત્મસમર્પણ કરવા કરતાં લડાઈ લડી લેવી જોઈએ. એમ વિચારીને સંતને સેનાપતિ પદ આપી દીધું.

શત્રુની સેના થોડેક દૂર પડાવ નાખીને પડી હતી. રસ્તામાં દેવનું મંદિર આવતું હતું. સંતે કહ્યું કે પહેલાં દેવતાને પૂછી લેવું જોઈએ કે વિજય કોનો થશે ? સેના સામે દેવ મંદિરના આંગણામાં સિક્કો ઉછાળતાં સંતે કહ્યું કે, જો સિક્કો છતો પડશે તો આપણો વિજય થશે. ખરેખર સિક્કો છતો પડ્યો. દેવની કૃપા છે એમ સમજીને સેનાના સૈનિકો વીરતા સાથે લડ્યા અને યુધ્ધમાં વિજય થયો. સૈનિકોએ સંતને કહ્યું કે આ બધું મંદિરના દેવની કૃપાનું ફળ છે.

સંત હસ્યા. એમણે સિક્કો બતાવ્યો. સિક્કાની બન્ને બાજુ છાપ એક સરખી હતી. તે બોલ્યા. આ બધું આત્મવિશ્વાસનું ફળ છે. જે પહેલાં સૂતો હતો તે જાગી ગયો.

જ્યાં સુધી આત્મવિશ્વાસ છે ત્યાં સુધી ગમે તેનો સામનો કરી શકાય છે પણ આત્મબળ તૂટે તો ગમે તેવો અજયવીર હોય તે કામમાં આવતું નથી અને પરાજયનું મોં દેખવું પડે છે.

પોતાની કૂટનીતિથી મહાભારતના યુધ્ધમાં દુર્યોધને શલ્યને કર્ણનો સારથી બનાવ્યો. કર્ણે કહ્યું હતું કે મારે શલ્ય જેવો સારથી જોઈએ. જો તે મળી જાય તો અર્જુન તો શું પણ એવા સેંકડો અર્જુન જેવા વીરોનો નાશ કરી નાખીશ.

પાંડવોને માલુમ પડ્યું કે મામા શલ્યે કર્ણનું સારથીપણું સ્વીકારી લીધું છે. આ વાત કૃષ્ણના કાને આવી. નીતિનિપુણ શ્રીકૃષ્ણે શલ્યને વિનંતી કરી કે તમે કર્ણના સારથી બનવા માટે બંધાયેલા છો પણ ધર્મયુધ્ધ માટે તમે ફક્ત કર્ણને નિરાશ કરતા રહેજો. શલ્યે કૃષ્ણની વિનંતી સ્વીકારી લીધી. ઈતિહાસ સાક્ષી

પૂરે છે કે શલ્ય દ્વારા કર્ણને નિરાશ કરતા રહેવાથી કર્ણનું મનોબળ તૂટી ગયું પરિણામે તે હાર્યો અને યુધ્ધમાં માર્યો ગયો.

આત્મવિશ્વાસુને જ ઈશ્વરનું વરદાન-કૃપા મળે છે પણ એક જ કિંમત ચૂકવવી પડે છે તે છે પોતાની પ્રમાણિકતા સાબિત કરવી. પ્રમાણિકતાનો અર્થ છે - 'પ્રભુની આજ્ઞા માનવી અર્થાત્ સત્ય, ધર્મ, નિષ્ઠાથી કામ કરવું.'

- વિદ્યાર્થી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી-ભુજ

# મનુષ્યજીવનનું અંતિમ લક્ષ્ય

વ્હાલા ભક્તો, શાસ્ત્રોમાં કહ્યું છે કે दुर्लभमेतत् त्रयम् (१) मनुष्यत्वम् (२) मुमुक्षुत्वम् (३) सत्पुरुषस्यसंगति।

આ ત્રણ બાબત જીવાત્માને માટે બહુ જ દુર્લભ છે. તેમાં પણ मनुष्यत्वम् પામવું ઘણું કઠિન છે. આજની આ વસુંધરા ઉપર ચિંતામણી સમાન મનુષ્યદેહ પામીને માનવી દેવતાઓને દુર્લભ એવા મનુષ્યશરીરન પામી કૂતરાં ને ભૂંડોને ભોગવવા યોગ્ય કષ્ટદાયી વિષયો ભોગવવા પાછળ ખર્ચી નાખે છે, જરાપણ વિચાર કરતા નથી અને પછી યમયાતનાને ભોગવે છે. ઈચ્છિત અર્થને સંપાદન કરી આપનાર એવો મનુષ્યજન્મ દુર્લભ છે સાથે નાશવંત પણ છે. આ વાતને પુષ્ટી આપતા શ્રીજી મહારાજ ભૂગોળ-ખગોળના વચનામૃતમાં કહે છે કે ભરતખંડમાં મનુષ્યદેહને પામવો તે અતિ દુર્લભ છે, ચિંતામણી તુલ્ય છે. જે દેહને ઈન્દ્રાદિક દેવતા ઈચ્છે છે તે દેવોના વિષય, વૈભવ, વિલાસ અને આયુષ્ય તે તો મનુષ્યના થકી ઘણાં અધિક છે પણ ત્યાં મોક્ષનું સાધન નથી થતું. મોક્ષનું સાધન તો ભરતખંડને વિષે મનુષ્ય દેહ પામ્યા થકી થાય છે. તે વિના બીજે કોઈ ઠેકાણે ને કોઈ દેહને વિષે થતું નથી. આ મોંઘા દેહથી જો ભરતખંડના સર્વે મનુષ્ય મોક્ષનો ઉપાય કરે તો થઈ શકે એમ છે. ને જો ન કરે તો ન થાય. માટે જે વિવેકી હોય તેને પોતાનું અંતિમ ધ્યેય કહેતા આત્યંતિક મુક્તિ સાધી લેવી.

ભક્તો ! ભગવાન શા માટે આટલો મોંઘો દેહ જીવને આપે છે ? ક્ષણભંગુર એવા આ દેહથી શું કરવાનું છે ? તો આ દુનિયામાં ઘણી બધી વસ્તુ છે તેનું કાંઈક ને કાંઈક પ્રયોજન હોય છે. તેને અનુસારે તેનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે ઘડિયાળનો ઉપયોગ સમય બતાવવાનો છે અને જો તેનો કબૂતર ઉડાડવા માટે કે કોઈને મારવા માટે ઉપયોગ કરે તેને કેવો જાણવો ? ઘરમાં સરસ મજાનું ફ્રિઝ હોય તેમાં જે રાખવું જોઈએ એ ન રાખીએ અને રેતીને કાંકરા ભરીએ તો ખરેખર એ વસ્તુનો ઉપયોગ સાચા અર્થમાં થતો નથી. તે જ રીતે મોક્ષના હેતુ માટે ભગવાને મનુષ્ય જન્મ આપ્યો છે તે હેતુ સિધ્ધ ન થાય તો તેનો જન્મ એળે ગયો કહેવા. માટે જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી પોતાના આત્યંતિક કલ્યાણ માટે પ્રયત્ન કરી લેવો જોઈએ. કેવળ વિષય ભોગ ભોગવવા માટે નથી. વિષય ભોગ તો બીજી અન્ય યોનિઓમાં સર્વત્ર છે. અંત્યના ૧૦ મા વચનામૃતમાં મહારાજ કહે છે કે સ્ત્રીનું સુખ તો ચોરાશી લાખ યોનિમાં જ્યાં-જ્યાં જન્મ ધર્યા ત્યાં-ત્યાં સર્વત્ર પ્રાપ્ત થયું છે. તે પણ મનુષ્યદેહથી અધિક પ્રાપ્ત થયું છે કેમ જે એ જીવ બકરો, ઘોડો કે પાડો, સાંઢ કે બુઢિયો વાનરો ઈત્યાદિક પશુના દેહને પામ્યો હશે ત્યારે તેમાં પોતપોતાની જાતિની અતિશય રૂપ ને યૌવનવાન એવી અનંત સ્ત્રીઓ તે એકાએક એને મળી હશે અને વળી જો ભગવાનનું ભજન નહીં કરે તો જે-જે યોનિમાં જશે ત્યાં-ત્યાં અનંત સ્ત્રીઓ પ્રાપ્ત થશે તેમાં કોઈ મંત્રનો પણ જપ નહીં કર્યો જોઈએ. માટે એવી મલિન વાસના જીવમાં ન રહે તેવા ઉપાયો કરવા.

નિષ્કુળાનંદ સ્વામી ભક્તિનિધિમાં ક્ષણભંગુર અને દુર્લભ એવા મનુષ્ય દેહથી શું કરવાનું છે ને શું નથી કરવાનું તે સમજાવતાં કહે છે,

ફરી ફરી દેહ નવ આવે આવો જી,
તે શીદ ખોયે કરી કાવો દાવોજી.
સમજી વિચારી હરિભક્તિમાં લાવો જી,
અવર સુખનો કરી અભાવો જી.
અભાવ કરી અસત્ય સુખનો,
સત્ય સુખને સમજી ગ્રહો,
અમૂલ્ય આવા અવસરને,
ખોઈને ખાટ્યો કોણ કહો,
જેમ ચિંતામણિ મોંઘી ઘણી,
તેણે કાગ કેમ ઉડાડિયે,
શેતખાનાની સાંકડે,
હરિમંદિરને કેમ પાડિયે.
તેમ મનુષ્ય દેહ મોંઘો ઘણો,
સર્વે સુખ સંપત્તિનો દેનાર,
તે વિષયસુખમાં વાવરી,
ખરી કરવી નહીં ખુવાર.
માટે મહાત્મ્ય જાણી મનુષ્યતનનું,
કરવું સમજી સવળું કામ,
વણ અર્થે ન વણસાડવો,
આવો દેહ અતિ ઈનામ.

માટે ઉપર કહેલાં સર્વે સંદર્ભોનો નીચોડ એક જ કે આ ક્ષણભંગુર અને દુર્લભ માનવદેહ વડે વિષયમાંથી આસક્તિ, વાસના ટાળીને અણીશુધ્ધ ચોખાની સમાન શુધ્ધ થઈ દીનદયાળુ, જગતના પતિ એવા ભગવાનના ધામને પામવું - કહેતાં પોતાની આત્યંતિક મુક્તિ પ્રાપ્ત કરવી એ જ આ દુર્લભ અને સર્વે પ્રાણી કરતાં શ્રેષ્ઠ એવા મનુષ્યજીવનું અંતિમ લક્ષ્ય ધ્યેય છે.

બસ અંતમાં શ્રીજી મહારાજ આપણને પોતાના જાણીને સત્સંગિજીવનમાં ખરો ઉપદેશ આપતાં કહે છે કે,

बहुजनुर्भमणोत्तरभम्मितां नरतनुं समवाप्य सुरेप्सिताम् ।
मतिमतामिदमेव मतेः फलं विषयतो विरतिश्च हरौ रतिः ।।

અનંતજન્મના ભ્રમણના અંતે સુવાંછિત મનુષ્યદેહ પ્રાપ્ત કરીને બુધ્ધિવાળા મનુષ્યની બુધ્ધિનું એ જ પરમ ફળ છે કે પંચવિષયોમાંથી વૈરાગ્ય પામી ભગવાનમાં પ્રીતિ કરવી, પ્રેમ કરવો.

---




શ્રીજીમહારાજનો અભિપ્રાય એવો છે કે- જેવી રીતે સોનાની થાળીમાં લોખંડનો દાગ જરા પણ શોભે નહિ. તે જ રીતે ભગવાનના ભક્તને વ્યસનો પણ જરા શોભે નહિ. માટે ભક્તોએ વ્યસનોનો સર્વપ્રકારે ત્યાગ કરી દેવો જોઈએ.

અને વળી ભાંગ, ગાંજો, અફીણ, માજમ એ આદિક કેફ કરનારી વસ્તુનું પણ ભક્ષણ કરવું નહિ. જેમ મદ્ય (દારૂ) મદ ઉત્પન્ન કરે છે, અને વિચારતંત્રમાં ફેરફાર કરી નાખે છે. તેવી જ રીતે ભાંગ, ગાંજો, અફીણાદિક કેફ કરનારી વસ્તુનું ભક્ષણ પણ શરીરમાં મદ ઉત્પન્ન કરે છે. અને વિચારતંત્રને બદલાવી નાખે છે. માટે જ નારદીય પુરાણમાં કહેલું છે કે- ।। न भक्ष्यं मादकं किञ्चिच्चित्तविभ्रमकृद्धि तद् इति ॥ ચિત્તની વિભ્રાંતિને કરનારી, કોઈપણ વસ્તુનું ભક્ષણ કરવું નહિ. અર્થાત્ હંમેશાં સાત્વિક વસ્તુને શરીરમાં પ્રવેશ આપવો, જેથી હંમેશાં સાત્વિક વિચારો રહે, અને હંમેશાં સન્માર્ગે ચાલવાના સારા વિચારો ચિત્તમાં પ્રકટે. માટે ચિત્તની વિભ્રાતિને કરનાર કોઈપણ માદક વસ્તુનું ભક્ષણ કરવું નહિ, આવો અભિપ્રાય છે. ।।૧૮।।

अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न ।

जगन्नाथपुरोऽन्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥१९॥

અને મારા આશ્રિતો હોય તેમણે, જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ પોતાને ગ્રહણ કરવા યોગ્ય ન હોય, તો તે ભગવાનની પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના બીજા સ્થાનકને વિષે ગ્રહણ કરવું નહિ; પણ જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેમાં દોષ નથી.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે, શ્રીજીમહારાજે આ શ્લોકમાં પવિત્ર આહારને મહત્વ આપેલું છે. જો આહાર પવિત્ર અને સાત્વિક હશે તો જ જીવન સાત્વિક બનીને આધ્યાત્મિક માર્ગના પંથે સ્થિર થઇ શકશે. માટે જેમનું અન્ન તથા જેમના પાત્રનું જળ કોઇપણ અપવિત્રતાના કારણે પોતાથી સ્વીકારી શકાય એમ ન હોય તો એ સ્વીકારવું નહિ, પણ જગન્નાથપુરીને વિષે જગન્નાથ ભગવાનનો પ્રસાદ લેવામાં દોષ નથી. એ સિવાય પ્રસાદીના માહાત્મ્યથી પણ લેવું નહિ.

જગન્નાથ ભગવાનનું શાસ્ત્રોમાં બહુ મોટું માહાત્મ્ય બતાવેલું છે. પુરાણ પ્રસિદ્ધ એક કથા છે કે- જગન્નાથ ભગવાનની જ્યારે સ્થાપના થઇ ત્યારે સર્વે દેવતાઓ જગન્નાથ ભગવાનનાં દર્શન કરવા પધાર્યા હતા. લાખો માણસોની જન મેદની ભેળી થઇ હતી. તે વખતે પણ ભાતનો પ્રસાદ વહેંચાતો હતો. સર્વે જનો નીચે પડી ગયેલો ભાત પણ પ્રસાદીના માહાત્મ્યથી લેતા હતા. એ સમયે મહાદેવજી પણ એક ભાતનો દાણો મુખની અંદર મુક્યો. તેને જોઇને બ્રહ્માજી પણ વાંકા વળ્યા, પ્રસાદીનો ભાતનો દાણો હાથમાં લીધો પણ બ્રહ્માજીને શંકા થતાં એ ભાતનો દાણો મુખમાં મુક્યો નહિ. તેથી બ્રહ્માજીને મંદિરમાં જગન્નાથ ભગવાનનાં દર્શન થયાં નહિ. તે સમયે બ્રહ્માજી શંકરને કહેવા લાગ્યા કે, આ મંદિરમાં જગન્નાથ ભગવાન બિરાજ્યા છે એ કઇ જગ્યાએ છે ? મંદિર તો ખાલી છે. ત્યારે શંકરે કહ્યું કે, અમને તો બધાને દર્શન થાય છે. તમને કેમ થતાં નથી ? વિચાર વિમર્શ કર્યા પછી જ્યાં બ્રહ્માજીએ નીચે પડેલો ભાતનો દાણો ઉપાડીને મુખમાં મુક્યો, ત્યાં જ બ્રહ્માજીને જગન્નાથજીનાં દર્શન થયાં. તેથી જગન્નાથજીના પ્રસાદનું માહાત્મ્ય એવું છે કે, એમાં વર્ણાશ્રમનો બાધ આવતો નથી. આ તો એક જગન્નાથપુરીની વાત શ્રીજી મહારાજે લખી, પણ શતાનંદ સ્વામી કહે છે કે, આ સત્સંગમાં મોટા મોટા ઉત્સવો થાય છે, તેમાં લાખો ભક્તજનો ભેળા થતા હોય છે. કેટલાક ઉંચ જાતિના હોય છે, કેટલાક નીચ જાતિના હોય છે. બધા વર્ણના મનુષ્યો હોય છે, તો ત્યાં પણ જગન્નાથપુરી સમજીને પ્રસાદ લઇ લેવામાં દોષ નથી. એ સિવાય બીજે આપણે ગયા હોઇએ અને કોઇ પ્રસાદી આપતું હોય તો ત્યાં પોતાને ગ્રહણ કરવા યોગ્ય ન હોય, તો તે પ્રસાદી પણ ગ્રહણ કરવી નહિ. કારણ કે આહાર શુદ્ધિ એ અગત્યની બાબત છે. ગમે તેનું ખાનારો માણસ ક્યારેય પણ સુવિચારી બની શકતો નથી. એની બુદ્ધિમાં સારા વિચારો આવતા નથી. અને સાંભળેલા સારા વિચારો સ્થિર થતા નથી. કારણ કે આહાર તેવો ઓડકાર, જેવો આહાર હોય તેવું અંતઃકરણ થાય છે. અનાજથી માણસનું અંતઃકરણ બદલાઇ જાય છે. રસોઇ જો અતિ પવિત્ર રીતે થતી હોય, અને ભગવાનને અપર્ણ થતી હોય તો માણસના વિચારો જરૂર બદલાઇ જાય છે. માટે ભક્તજનો હોય તેમણે આહાર શુદ્ધ રાખવો, આવું તાત્પર્ય છે. ॥૧૯॥

## નમ્ર નિવેદન

જય શ્રી સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ' ના લવાજમની રકમ મનીઓર્ડરથી મોકલો ત્યારે મનીઓર્ડર સ્લીપમાં લવાજમની રકમ છે તે અંગેની સ્પષ્ટ નોંધ અચૂક લખવી. સરનામા સાથે પીનકોડ નંબર પણ લખવા.

- તંત્રી

# વેદ થી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખાંક - ૧

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - વેદાન્તાચાર્ય

*( જેમ આ પૃથ્વી પર ભગવાન તથા મહાપુરુષો, આચાર્યો, સંતો, ભક્તો આદિ સંસારમાં બંધાયેલા અનેક જીવોના કલ્યાણ માટે યુગ યુગમાં અવતાર લઈને મુમુક્ષુઓનું કલ્યાણ કરે છે, તેવી જ રીતે વેદો, સંહિતાઓ બ્રાહ્મણ ગ્રન્થો, આરણ્યક ગ્રન્થો, શ્રુતિઓ, ઉપનિષદો, સ્મૃતિગ્રન્થો, સૂત્રગ્રન્થો, દર્શન શાસ્ત્રો, ધર્મગ્રન્થો, ઈતિહાસ, પુરાણો, ગીતા, ભાગવત, સત્સંગીજીવન, શિક્ષાપત્રી, વચનામૃત આદિ ગ્રન્થો આ પૃથ્વી પર તે તે સમયે મુમુક્ષુઓને વૈદિક જ્ઞાન આપવા માટે અવતાર ધારણ કરે છે, અર્થાત્ ભગવાનની ઈચ્છાથી શાસ્ત્રો પૃથ્વી પર અવતરે છે અને હજારો વર્ષો સુધી રહે છે.*

*જે શાસ્ત્ર વૈદિક પરંપરામાં આવતાં હોય અને ભાગવત ધર્મનું પ્રતિપાદન કરતાં હોય, ઈશ્વરના સાકાર સ્વરુપનું પ્રતિપાદન કરતાં હોય તેવાં શાસ્ત્રો જ જીવોનો ઉદ્ધાર કરે છે. કારણ કે આવાં વૈદિક શાસ્ત્રો ભગવાનની ઈચ્છાથી સ્વયં ભગવાન તથા ઋષિમુનિઓ, આચાર્યો, સંતોના મુખેથી અવતરે છે. આવી વૈદિક શાસ્ત્રોની વેદ થી વચનામૃત સુધી શાસ્ત્રાવતરણ પરંપરાનો પરિચય અને તેનું પ્રયોજન આ લેખ માળામાં દર્શાવવામાં આવશે.*

*વેદ આપણી વૈદિક સંસ્કૃતિનું મૂળ છે. પરન્તુ આજના યુગમાં વેદોના રહસ્યને સમજવું બધા માટે સરલ નથી. તેથી વેદોના રહસ્યને સમજાવવા માટે અનેક ઋષિઓ, શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય આદિ આચાર્યો, શ્રીમુક્તાનંદ સ્વામી, શ્રીનિત્યાનંદ સ્વામી, શ્રીગોપાળાનંદ સ્વામી, શ્રીશતાનંદ સ્વામી જેવા મહાન સંતોએ સરલ સંસ્કૃતભાષામાં શ્રૃતિઓના રહસ્યને સમજાવતાં ભાષ્યો, વ્યાખ્યાઓ લખીને સુગમતા કરી પરન્તુ વર્તમાન સમયમાં સંસ્કૃતભાષાને પણ ભણવી અને સમજવી પણ સરલ નથી. તેથી સ્વયં ભગવાન શ્રીહરિએ સંતો દ્વારા વેદોના રહસ્યને સત્સંગીજીવન જેવા મહાન અનેક ગ્રન્થોની રચના કરાવી પરન્તુ શ્રીહરિ જાણતા હતા કે સંસ્કૃતભાષામાં રચાયેલ ગ્રન્થોને સમજવું સામાન્ય લોકો માટે સરલ નથી તેથી સંસ્કૃત ગ્રન્થોની સાથો સાથ વેદાદિ શાસ્ત્રોના રહસ્યને સમજી શકે તેવા લોકોની જ ભાષામાં અતિ સરલ અને જ્ઞાન સભર વચનામૃત ગ્રન્થનું અવતરણ સ્વમુખે કર્યું, જે આજે હજારો મુમુક્ષુઓને વચનામૃતની પારાયણ દ્વારા વૈદિક જ્ઞાનને યથાર્થ સમજી શકે છે. આપણા વૈદિક સાહિત્યમાં હજારો ગ્રન્થો ઉપલબ્ધ છે, શ્રીહરિના સમયમાં પણ અનેક ગ્રન્થો ઉપલબ્ધ હતા. છતાં પણ શા માટે શ્રીહરિએ વૈદિક ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સભર કેટલાક સંસ્કૃત, હિન્દી ગુજરાતી ભાષામાં ગ્રન્થોનું અવતરણ સંતો દ્વારા અને સ્વયં શ્રીહરિએ પણ શિક્ષાપત્રી વચનામૃત જેવા મહાન અને જ્ઞાન સભર ગ્રન્થો આપ્યા તેનું એ જ કારણ છે કે શ્રીહરિના સમકાલિન અને ત્યાર પછીના સમયના ભક્તો સમજી શકે તેવા સરલ અને માતૃભાષામાં ગ્રન્થોની આવશ્યકતા જોઈને શ્રીહરિએ વચનામૃત જેવા ગ્રન્થોનું સ્વમુખે અવતરણ કર્યું. "વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણ લેખ માળામાં" વેદથી જેટલા વેદોપબ્રહ્મક ગ્રન્થોની પરંપરા છે તે જ પરંપરામાં વચનામૃત ગ્રન્થનું અવતરણ થયું છે અને એ સંપૂર્ણ વૈદિક ગ્રન્થ છે તેથી વચનામૃત કોઈ એક સાંપ્રદાયિક ગ્રન્થ નથી કે કોઈ એક વ્યક્તિ વિશેષની રચના નથી. વચનામૃત ગ્રન્થનું સ્વયં ભગવાનના શ્રીમુખેથી અવતરણ થયું છે તેથી ભગવાનની પરા વાણી છે. સાર્વભૌમ છે અને સંપૂર્ણ વૈદિક છે, તેથી વચનામૃત આજના યુગમાં વૈદિક સંપ્રદાયનું અમૂલ્ય ગ્રન્થ છે. તેથી આજના યુગને "વચનામૃત યુગ" કઈ શકાય. )*

# શાસ્ત્રાવતરણ ઈતિહાસ

ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં ગીતામાં કહ્યું કે ''संभवामि युगे युगे'' આ ગીતાશાસ્ત્ર વચનાનુસાર જેમ પ્રત્યેક યુગમાં ભગવાન સ્વયં શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીસ્વામિનારાયણ આદિ વિવિધ સ્વરુપે અવતાર ધારણ કરે છે. ક્યારેક રાજારુપે તો ક્યારેક સંતરુપે તો ક્યારે મત્સ્ય કૂર્મ વરાહ આદિ અનેક જ્યાં જેવી જરુર જણાય ત્યાં તેવા સ્વરુપે અવતાર ધારણ કરી જીવોનો ઉદ્ધાર કરે છે. તેવીજ રીતે તે તે સમયે મનુષ્યની બુદ્ધિની યોગ્યતાને અનુસાર વૈદિક ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો બોધ આપવા માટે શાસ્ત્રો પણ આ પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. તેને ''શાસ્ત્રાવતરણ'' કહેવામાં આવે છે.

તેથી ઋષિમુનિઓ, મહાપુરુષો, આચાર્યો, શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય આદિ આચાર્યો તેમજ શ્રીમુક્તાનંદ સ્વામી, શ્રીનિત્યાનંદ સ્વામી, શ્રીગોપાળાનંદ સ્વામી, શ્રીશતાનંદ સ્વામી જેવા મહાન સંતો ભગવાનની ઈચ્છાથી આ પૃથ્વીપર અવતાર ધારણ કરી વૈદિક (ભાગવત, એકાન્તિક) ધર્મની સ્થાપના કરે છે અને મનુષ્યોને કલ્યાણનો માર્ગ બતાવે છે. જેવી રીતે ભગવાનના અવતારો મહાપુરુષોના અવતારો આ પૃથ્વીપર સમયે સમયે થાય છે તેવીજ રીતે વૈદિક શાસ્ત્રો વેદ, સંહિતા, બ્રાહ્મણ્ય, આરણ્યક, ઉપનિષદ્દ, બ્રહ્મસૂત્ર, સ્મૃતિ ગ્રન્થો, ધર્મગ્રન્થો, દર્શનશાસ્ત્ર, રામાયણ, ભાગવત, ગીતા, ભાષ્યગ્રન્થો, વચનામૃત આદિ શાસ્ત્રો પણ ભગવાન અને મહાપુરુષોની જેમ પૃથ્વીપર મનુષ્યોને સાચું વૈદિક જ્ઞાન આપવા માટે ભગવાન તથા ઋષિમુનિઓ તથા મહાપુરુષોના મુખેથી આ પૃથ્વીપર અવતરે છે. તેથી જેમ ભગવાનના અવતારની પરંપરા છે, જેમ મહાપુરુષોના અવતારની પરંપરા કહેવાય, તેમ વેદોપબ્રહ્મક (વેદને અનુસરતાં) શાસ્ત્રોની અવતરણ પરંપરા કહેવાય છે. વેદાદિ શાસ્ત્રો કોઈ સામાન્ય પુસ્તક નથી. તેમજ માત્ર કોઈની બુદ્ધિની કલ્પના નથી. સાક્ષાત્ ભગવાને જે વેદનું ગાન કર્યુ તે વેદોના જ્ઞાનને જન જન સુધી પહોંચાડવા માટે તે તે યુગના લોકોની બુદ્ધિની યોગ્યતા પ્રમાણે શાસ્ત્રો અવતર્યા અને પરમાત્માનું જે પરમ વૈદિક જ્ઞાન તેને લોકો સુધી ફેલાવ્યું. मद्रुपमिति मद्वाणी શાસ્ત્રો ઈશ્વરનું રુપ છે. પરમાત્મા મનુષ્યોને જે જ્ઞાન આપવા ઈચ્છે તે શ્રીમદ્ભાગવત, ગીતા, વચનામૃત, શિક્ષાપત્રી જેવા પવિત્ર શાસ્ત્રો દ્વારા આપે છે. તેથી જ શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે શાસ્ત્રોને વાંચવાની આજ્ઞા કરી છે. शिक्षापत्र्याः प्रतिदिनंपाठोडस्या मदुपाश्रितैः कर्तव्योनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥ ૨૦૮॥ ભગવાને સ્વયં કરેલી વાત તમામ વેદ અને વેદોપબ્રહ્મક શાસ્ત્રપરંપરામાં આવતાં વચનામૃત સુધીનાં બધાં શાસ્ત્રોને લાગુ પડે છે. જેમ શિક્ષાપત્રી ને ભગવાનનું સ્વરુપ માનવું જેમ શિક્ષાપત્રીને પ્રતિદિન વાંચવી, ભણવી, સાંભળવી તથા પૂજા કરવી તેવી જ રીતે બધાં વેદાદિ શાસ્ત્રોને ભગવાનનું સ્વરુપ માનવું. તે શાસ્ત્રો પ્રતિદિન વાંચવાં, ભણવાં, સાંભળવાં અને પૂજા કરવી જોઈએ. શાસ્ત્રોનું વાંચન કરવું, એ પણ સત્સંગ કર્યો કહેવાય

ભગવાનની પૂજા કરવી સત્સંગ છે, સંત પુરુષોનો સમાગમ સત્સંગ છે, જેવી જ રીતે શાસ્ત્રોનું વાંચન, શ્રવણ અને પૂજન એ પણ સત્સંગ કહેવાય. ઘણા ભક્તો એવું વિચારતા હોય છે કે મંદિરનો તથા સંતનો યોગ નથી તો અમારે સત્સંગ કેવી રીતે કરવો ? સત્સંગ શબ્દનો અર્થ અતિ વિશાળ છે. સંતનો સમાગમ, શાસ્ત્ર વાંચન, શાસ્ત્રપૂજા, ઈશ્વરપૂજા એ પણ સત્સંગ છે. દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્રનો સમાગમ સત્સંગ કહેવાય. ભક્તોએ રોજ સત્સંગ કરવો જોઈએ, પરન્તુ રોજ સત્સંગનો યોગ બધાને કેવી રીતે મળી શકે ?

તેથી ઉપર જણાવ્યા પ્રમાણે ચારના યોગને સત્સંગ કહેવાય. કોઇને દેવદર્શનનો યોગ મળતો હોય તો કોઇને, આચાર્યનો યોગ મળતો હોય તો કોઇને સંતોનો સમાગમ મળતો હોય પરન્તુ ગણા એવા ભક્તો છે જેને દેવ દર્શન કે સંત સમાગમનો યોગ મળતો જ નથી તો કેવી રીતે સત્સંગ કરવો પ્રશ્ન છે ? ત્યારે ભક્તોએ નિરાશ થવાની જરુર નથી, આવિ પરિસ્થિતિમાં જે સરલતાથી પોતાના ઘેર બેઠાં સત્સંગ કરી શકાય તે માટે વેદ અને વેદોપબ્રહ્મક (વેદના સિદ્ધાન્તને અનુસરતાં) શાસ્ત્રો ઘરે વસાવીને તેનું વાંચન શ્રવણ અથવા પૂજા કરવાથી સત્સંગ કર્યો કહેવાય છે. તેથી શાસ્ત્રો પણ મનુષ્યોના કલ્યાણ કરવા માટે આ પૃથ્વી પર અવતરે છે. જ્યારે જ્યારે ભગવાન આ પૃથ્વી પર અવતાર ધારણ કરે છે ત્યારે તે સમયે મનુષ્યોની બુદ્ધિની યોગ્યતા પ્રમાણે ઈશ્વર તેને મોક્ષનો માર્ગ બતાવે છે. સંતપુરુષો પણ એ સમયની પરિસ્થિતિ અને લોકોની યોગ્યતા પ્રમાણે ઉપદેશ આપી કલ્યાણનો માર્ગ બતાવે છે, એવી રીતે શાસ્ત્રો પણ તે તે સમયની લોકોની બુદ્ધિની યોગ્યતા પ્રમાણે અવતરે છે અને તેનાં વાંચન શ્રવણ દ્વારા લોકોને સદ્‌માર્ગદર્શન મળે છે. વચનામૃત પણ એ સમયના જીજ્ઞાસુ ભક્તોની બુદ્ધિની યોગ્યતા પ્રમાણે સરલ અને વેદોના સાર રુપ સ્વયં ભગવાનના મુખે અવતર્યું.

વચનામૃતના પાને - પાને શ્રીહરિએ શાસ્ત્રોના પ્રમાણો અને સિદ્ધાન્તો બતાવ્યા છે. વચનામૃત ગ્રન્થ કોઈ સામાન્ય ગ્રન્થ નથી સાક્ષાત્ ભગવાન શ્રીહરિની પરા વાણી છે. વેદાદિ શાસ્ત્રોનો સાર છે તેથી 'વચનામૃત ગ્રન્થ' વેદોની પરંપરામાં આવે છે, અર્થાત્ વેદોના સિદ્ધાન્તને અનુસરે છે અને વેદોના રહસ્યને પ્રગટ કરે છે. તેથી વર્તમાન યુગને અનુરુપ મુમુક્ષુઓને આધ્યાત્મિક માર્ગદર્શન આપી મોક્ષનો માર્ગ બતાવે છે.

વેદોનું અવતરણ

વૈદિક સનાતન હિન્દુ ધર્મ નું મૂળ વેદ છે. દરેક દર્શનોનું મૂળ પણ વેદ છે. વૈદિક આચાર્યો-ભક્તોએ વેદ ના જ પ્રમાણને અનુસર્યા છે. વેદ ચાર છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. સૃષ્ટિનો વિકાસ અને માનવજાતિના વિકાસના તરફ અધ્યયન કરતાં એવું નક્કી થાય છે વર્ષો પહેલાં સત્ યુગમાં લોકો શુદ્ધ જ્ઞાન ધરાવતા હતા. મન કર્મ વચને પવિત્ર હતા. વેદાભિમાની હતા. વૈદિક જ્ઞાન ધરાવતા હતા. વેદ પ્રત્યે ગૌરવ હતું, વેદ પ્રત્યે વિશ્વાસ અને કઠિન સાધના હતી, વેદાધ્યયન થતું હતું, લોકો વેદ ના ભાવાર્થને - ગૂઢાર્થને સમજી શક્તા હતા. બુદ્ધિનો પૂર્ણ વિકાસ હતો, મનમાં ઊઠતા દરેક પ્રશ્નોના ઉત્તર સાક્ષાત્ વેદાધ્યયનથી મળતા હતા, વેદ થકી જ લોકોને સંપૂર્ણ માર્ગદર્શન મળતું હતું આ યુગને વેદ કાળ અથવા વેદયુગ કહી શકાય.

વેદ શબ્દનો અર્થ ઘણો વ્યાપક છે. બધી સદ્વિદ્યાઓનું મૂળ વેદ છે. સામાન્યતઃ વેદ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. વિદ્ ( જાણવું) પરન્તુ વિદ્ એટલે હોવું પણ થાય છે .વિદ્ એટલે મનન કરવું પણ થાય છે. વિદ્‌લૃ - પ્રાપ્ત કરવું પણ થાય છે તથા વિદ્ - મનન કરવું પણ થાય છે. "यथा विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विन्दन्ति अथवा विदन्ते लभन्ते, विन्दन्ति विचारयन्ति, सर्वे मनुष्याः सत्यविद्यां यैर्येषु वा, तथा विद्वांसश्च भवन्ति ते वेदाः।" ભારતીય કોઈ પણ પરિવાર શાખા વેદથી જોડાયેલી જ હોય છે. તેથી દરેક ભારતીય વેદમૂલક પરિવારથી આવે છે. *તેથી જ બ્લૂમફીલ્ડે કહ્યું છે કે ભારતીય રાષ્ટ્રનું પ્રાચીનતમ જ્ઞાન-વિજ્ઞાન, ધાર્મિક વિચારોનો કીર્તિસ્તમ્ભ વેદ છે તેથી તેના પાયા ઊંડા છે. આ વૈદિક સંસ્કૃતિનો કોઈ નાશ કરવાનો પ્રયાસ કરે તો પણ સંભવ નથી. ભારતીય વૈદિક સંસ્કૃતિને નાશ કરવા માટે અનેક વિધર્મી રાજાઓ પ્રયાસ કર્યા છતાં પણ નાશ પામી નથી. આજે પણ ઘર ઘરમાં વૈદિક સંસ્કૃતિ વહેતી દેખાય છે.* (ક્રમશઃ)

મહર્ષી વેદવ્યાસ પ્રણીત

**મહાભારત અંતર્ગત**

# विदुरनीति

### સ્વર્ગમાં જનાર

મોટાની આજ્ઞા માનનારો, નીતિવેત્તા, દાતા, પંચયજ્ઞ કર્યા પછી બાકી રહેલું અન્ન જમનાર, કોઇને દુઃખ ન આપનાર, અનર્થકારી કૃત્ય ન કરનાર, કરેલા ઉપકારનો યાદ રાખનાર, સત્યનિષ્ઠ અને સૌમ્ય એવો વિદ્વાન સ્વર્ગલોકમાં જાય છે. ૧૪

### દુર્લભ માણસ

હે રાજન્ ! મીઠું મીઠું બોલનાર પુરુષો તો જ્યાં ત્યાં સદૈવ સહેજે મળી આવે છે, પરંતુ કડવું છતાં હિતકારી કહેનાર અને સાંભળનાર તો દુર્લભ હોય છે. ૧૫

જે પુરુષ કેવળ ધર્મ તરફ જ દષ્ટિ રાખે છે અને પોતાના સ્વામીને પ્રિય લાગશે કે અપ્રિય તેની દરકાર ન રાખતાં તેની અપ્રિય છતાં હિતકારી વચન કહે છે, તે પુરુષથી જ રાજા સહાયવાન છે. ૧૬

કુળને માટે એક પુરુષનો ત્યાગ કરવો, ગામને માટે કુળનો ત્યાગ કરવો, દેશને માટે ગામનો ત્યાગ કરવો અને પોતાને માટે પૃથ્વીનો ત્યાગ કરવો. ૧૭

આપત્તિમાં કામ આવે એટલા માટે ધનનું રક્ષણ કરવું, ધનનો ખર્ચ કરીને પણ સ્ત્રીનું રક્ષણ કરવું અને દ્રવ્ય તથા સ્ત્રી બન્ને વડે હમેશાં પોતાનું રક્ષણ કરવું. ૧૮

### જુગારનો નિષેધ

દ્યુત એ મનુષ્યોને વેર કરાવનાર છે. એવું પૂર્વકલ્પમાં જોવામાં આવ્યું છે માટે બુદ્ધિમાન મનુષ્યે ગમ્મતને માટે પણ દ્યુત રમવું નહિ. ૧૯

હે પ્રતીપવંશી રાજા ! દ્યુત રમતી વખતે પણ આ યોગ્ય નથી, એવું વચન મેં કહ્યું હતું, પરંતુ હે વિચિત્રિવીર્યના પુત્ર ! જેમ મરવાની તૈયારીવાળાને પથ્ય ઔષધ ન રુચે, તેમ તમને તે મારું પથ્યવચન રુચ્યું નહિ. ૨૦

### હિત વચન

તમે કાગળા જેવા કૌરવો વડે વિચિત્ર પીંછાંવાળા મયૂરરૂપી પાંડવોને હરાવવા ઇચ્છો છો, પણ હે નરેન્દ્ર ! આતો તમે સિંહોને છોડીને શિયાળોને સંઘરી રહ્યા છો. એટલે સમય આવ્યે તમારે આંસુ જ પાડવા પડશે. ૨૧

હે તાત ! જે સ્વામી પોતાના હિતમાં પરાયણ એવા ભક્ત સેવક ઉપર કદી ક્રોધ કરતો નથી, તે સ્વામી ઉપર સેવકોને સદૈવ વિશ્વાસ રહે છે અને આપત્કાળે પણ તેઓ તેને ત્યજી જતા નથી. પોતાના સેવકોની આજીવિકા અટકાવીને નવું રાજ્ય અથવા ધન મેળવવાની ઇચ્છા કરવી નહિ, કારણ કે એ રીતે છેતરાયેલા અમાત્યો પ્રીતિવાળા હોય તોપણ આજીવિકા વિનાના થવાથી વિરુદ્ધ થઇને પોતાના સ્વામીનો ત્યાગ કરે છે. ૨૨-૨૩

આથી પ્રથમ પોતાના સર્વ કાર્યોની સાધ્યતા તથા અસાધ્યતા વિશે નિર્ણય કરવો, તેમજ આવક જાવકને અનુલક્ષીને સેવકો માટે પગારની ગોઠવણ કરવી, એ પછી યોગ્ય સહાયકોનો સંગ્રહ કરવો, કારણ કે દુષ્કર કાર્યો સહાયથી જ સાધ્ય થાય છે, જે સેવક પોતાના સ્વામીનો અભિપ્રાય સમજીને સર્વ કાર્યો આળસ રહિત થઇને કરે છે, જે હિતકારી વચન કહે છે, જે પ્રેમ રાખે છે, જે પોતાની શક્તિને જાણે છે અને જે ઉત્તમ આચરણ રાખે છે, તેને સ્વામીએ પોતાના જેવો સમજીને તેના ઉપર અનુગ્રહ કરવો. ૨૪-૨૫

જે સેવક કહેલાં વચનોનો અનાદર કરે છે, કામ કરવાનું કહેતાં ઊલટો ઉત્તર આપે છે, પોતાની બુદ્ધિને માટે અભિમાની રહે છે અને આજ્ઞાથી વિરુદ્ધ બોલે છે, તેવા સેવકને એકદમ કાઢી મૂકવો. ૨૬

# સંસ્થા સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

**:: ચાતુર્માસ કથા પારાયણ ::**

નિયમની એકાદશી - અષાઢ સુદ ૧૧ થી જન્માષ્ટમી શ્રાવણ વદ ૮ સુધી યોજવામાં આવતી કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. અષાઢ સુદ ૧૧ ના વિલ્સડન મંદિરના પાટોત્સવ નિમિત્તે ભુજ મંદિરમાં કથા ચાલુ હોવાથી ચાતુર્માસ કથાનો પ્રારંભ અષાઢ વદ ૯ થી કરવામાં આવ્યો. કથા સમાપ્તિ જન્માષ્ટમીના દિવસે નિયમાનુસાર કરવામાં આવી.

કથાના વક્તા શા. સ્વામી પરમહંસદાસજી સવારના ભાગમાં સ.ગુ. શતાનંદમુનિએ રચેલ 'શિક્ષાપત્રી ભાષ્ય' ની કથાનું શ્રવણ કરાવીયું. સ્વામીજી પોતાની આગવી શૈલી અને છટા દ્વારા વિષયને શ્રીજી મહારાજની હૃદયગત ભાવના, સમાજ જીવનના પ્રસંગો તેમજ વ્યક્તિગત જીવનમાં જોવા મળતી ઘટનાઓ સાથે સાંકળી હરિભક્તોને કથાના મર્મનો રસાસ્વાદ કરાવ્યો.

બપોર પછીના ભાગમાં કથાના વક્તા શા. સ્વામી દેવવિહારીદાસજી સંપ્રદાયમાં ભક્તિશાસ્ત્ર તરીકે ખ્યાત એવા વ્યાસમુનિએ રચેલા શ્રીમદ્ ભાગવતની રસપ્રદ કથાનું શ્રવણ કરાવી શ્રીકૃષ્ણ પરમાત્માના અદ્‌ભુત ઐશ્વર્યપૂર્ણ પ્રસંગોનું યથોચિત વર્ણન કરી સર્વ હરિભક્તોને આનંદને ઝૂલે ઝૂલાવી રાજી કર્યા.

પ.પૂ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો, નાના-મોટા સંતો સાથે હરિભક્તોએ સભામંડપમાં કથાશ્રવણનો આનંદ લીધો. સાં.યો. બહેનો તેમજ કર્મયોગી બહેનોએ પણ મંદિરના મંડપ નીચે લાઉડસ્પીકર દ્વારા કથાશ્રવણનો લાભ લઈ ખુશી અનુભવી.

તા. ૩૧-૭-૧૧, રવિવારે સાંજે ૫:૪૫ થી ૭:૧૫ કૃષ્ણજન્મના પ્રસંગોમાં કથાકાર શાસ્ત્રી સ્વામીએ બાલકનૈયાની જન્મલીલાનું વર્ણન કરી જાણે પ્રભુના હૂબહૂ દર્શન કરાવ્યાં. સાથે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજ તરફથી યોજવામાં આવેલા આ રાસલીલાના કાર્યક્રમમાં રાસની રમઝટે હરિપ્રેમી ભક્તોને હૈયે હર્ષના સ્પંદનો જગાડ્યાં.

તા. ૧૧-૮-૧૧ ના રોજ સવારની કથાના વક્તા શા. સ્વામી પરમહંસદાસજી ઈસ્ટઆફ્રિકામાં વસતા હરિભક્તોને કથા-વાર્તા સત્સંગનો લાભ આપવા નૈરોબી પધારતાં કથાનો દોર શા. સ્વામી ધર્મવિહારીદાસજીએ સંભાળ્યો. શાસ્ત્રી સ્વામીએ પોતાની સ્વતંત્ર શૈલીમાં દૃષ્ટાંતો, કીર્તન તથા શાસ્ત્રોના સંદર્ભો સાથે કથા ને સુબોધ અને રમણીય બનાવી સૌને રાજી કર્યા.

**:: પંચાહ્ન કથા પારાયણ ::**

અષાઢ સુદ ૧, તા. ૧૬-૭-૧૧, શનિવાર થી અષાઢ સુદ ૫, તા. ૨૦-૭-૧૧, બુધવાર સુધી પાંચ દિવસની કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

યજમાનપદે ગામ માધાપર નિવાસી એક હરિભક્ત રહ્યા હતા. હ. પ.હ.ભ. શ્રી રવજીભાઈ માવજી ભુડિયા.

દરરોજ સવારના ભાગમાં શા. સ્વામી પરમહંસદાસજીએ સ.ગુ. સ્વામી શતાનંદમુનિએર રચેલ શિક્ષાપત્રી ભાષ્યની કથા સંભળાવી. બપોરપછીના ભાગમાં શા. સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસ ભગવાને રચેલ શ્રીમદ્ ભાગવતની કથાનું શ્રવણ કરાવ્યું. બન્ને કથાકારોએ દૃષ્ટાંતો અને કીર્તનોનો સમન્વય સાધીને કથાના અમૃતરસનો આનંદ આપ્યો.

**:: પંચાહ્ન કથા પારાયણ ::**

તા. ૨૩-૭-૧૧ થી તા. ૨૭-૭-૧૧ દરમ્યાન પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું.

કથાનું યજમાનપદ ગામ સુખપર, નરનારાયણનગર નિવાસી અ.નિ. નાથાભાઈ નારણ કેરાઈ, હ. કાન્તાબેન નાથા કેરાઈએ શોભાવ્યું હતું. ભુજના બન્ને મંદિરોમાં કથા કરવામાં આવી. ૧ સંહિતાપાઠ કરવામાં આવ્યો.

શા. સ્વામી પરમહંસદાસજીએ દરરોજ સવારના ભાગમા ંવ્યાસગાદીએ બિરાજી સ.ગુ. સ્વામી શતાનંદમુનિકૃત શિક્ષાપત્રી ભાષ્યની કથાનું સરળ સુબોધ વક્તવ્યમાં અમૃતપાન કરાવ્યું.

બપોરના ભાગમાં શા. સ્વામી દેવવિહારી દાસજીએ વ્યાસગાદીએ બિરાજી વ્યાસમુનિએ રચેલ શ્રીમદ્ ભાગવતની અમૃતમય કથાના ભક્તિ રસાયણનું પાન કરાવ્યું.

કથા સમાપ્તિ પ્રસંગે કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ યજમાન પરિવારનો પરિચય કરાવ્યો.

પ.પૂ. મહંતસ્વામીએ ઉદ્બોધન કરતાં કથાનું મહત્ત્વ સમજાવી શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કરેલી કલ્યાણકારી આજ્ઞાઓ પાળવા સૂચન કર્યું હતું તથા શ્રીમદ્ ભાગવત કથામાંથી મળતા ભક્તિમાર્ગના બોધની સમજ આપી હતી. યજમાન પરિવારે ભક્તિભાવથી કરેલ કથાના આયોજન માટે ધન્યવાદ આપ્યા હતા તેમજ શ્રીજી મહારાજનો રાજીપો રહે તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા.

મંદિરના શા. મહેશભાઈએ યજમાન સુપુત્રો વાલજીભાઈ તથા મહેશભાઈ પાસે ઉત્તરપૂજન કરાવ્યું. યજમાન પરિવારે આરતી ઉતારી તે પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**:: હિંડોળા દર્શન યાત્રા ::**

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજ - શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી તા. ૭-૮-૧૧, રવિવારના દિવસે હિંડોળા દર્શનયાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૭-૮-૧૧, રવિવાર સવારે શણગાર આરતી પછી પ.પૂ. મહંતસ્વામીના આશીર્વાદ સાથે નરનારાયણદેવનો જયકાર ગજાવી દર્શનયાત્રાનું પ્રસ્થાન થયું. લકઝરી બસમાં બન્ને બાજુ દર્શનીય પ્રકૃતિનો આનંદ માણતા હરિભક્તો 'સ્વામિનારાયણ' મહામંત્રની ધુન લલકારતા નાગથડા, વિચેશ્વર, રામપર-ગંગાજી, બિલેશ્વર વગેરે સ્થળોએ દર્શનનો આનંદ મેળવી માંડવી પહોંચ્યા. બપોરનું રોકાણ માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં થયું. ત્યાં તીર્થરૂપ સમુદ્રસ્નાન કરી મંદિરમાં પ્રસાદ ભોજન અને આરામ પછી પ્રયાણ કર્યું અને દહીંસરા, કેરા, નારાણપર, સુખપર થઈ ભુજ મંદિરે પહોંચ્યા.

દર્શનાર્થી હરિભક્તો ભગવાનના ચરણથી અંકિત એવા પ્રસાદીના સ્થળોનો કિફાયત દરમાં લાભ મેળવી હર્ષિત થયા.

**:: શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન મહિલામંડળ – કથા પારાયણ ::**

વિલ્સડન શ્રી સ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ તરફથી ભુજ બન્ને મંદિરમાં પાંચ દિવસની કથાપારાયણનું આયોજન કરવામાં આવ્યું. કથા

પારાયણ નિમિત્તે ૨૪ ગામનાં સાં.યો. બહેનોને નિમંત્રણ, ૧ માસની દીપમાળા, ૧ માસની મહાપૂજા, ૧ માસ અખંડ દીવો અને ૧ દિવસના હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૩૧-૭-૧૧ થી તા. ૪-૮-૧૧ દરમ્યાન સવારના માગમાં શા. સ્વામી પરમહંસદાસજીએ સ.ગુ. સ્વામી શતાનંદમુનિ રચિત શિક્ષાપત્રી ભાષ્યની કથાનું અને બપોર પછીના ભાગમાં શા. સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસ ભગવાન રચિત શ્રીમદ્ ભાગવતની કથાનું સરળ, ભાવવાહીવાણીમાં શ્રવણ કરાવી કથારસનું પાન કરાવ્યું. તા. ૪-૮-૧૧ ના કથા સમાપ્તિ પ્રસંગે મંદિરના શાસ્ત્રીજી મહેશભાઈએ કથા સમાપ્તિની પૂજનવિધિ કરાવી તે પછી આરતી, ધૂન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

### :: હિંડોળા મહોત્સવ ::

તા. ૧૭-૭-૧૧, અષાઢ વદ ૨, રવિવારના દિવસથી એક માસના હિંડોળા મહોત્સવનો પ્રારંભ થતાં શ્રીહરિને સુવર્ણના હિંડોળે ઝૂલાવવામાં આવ્યા. સુવર્ણ હિંડોળાની સેવા પૂજારી સંતોના મંડળે સંભાળી અને દરરોજ વિવિધ પ્રકારના હિંડોળા રમણીય સજાવટ સાથે સજાવી શ્રીહરિને ઝૂલાવવાની સેવા, તે માટે નિયુક્ત થયેલ સંતો સ્વામી ઘનશ્યામપ્રિય દાસજી, સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપ દાસજી, સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદ દાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી દેવવિહારી દાસજી આદિ સંતોએ સંભાળી.

સંતોએ પ્રેમી હરિભક્તોના સહયોગ સાથે વિવિધ ભાતના નયનરમ્ય સજાવટભર્યા હિંડોળા રચી ભગવાનને અંતરને ઉમળકે ઝૂલાવ્યા. ઝૂલામાં ઝૂલતા શ્રીહરિનાં દર્શન કરવા પ્રતિદિન વિશાળ સંખ્યામાં આવતાં હરિભક્ત ભાઈ-બહેનો હિંડોળામાં શોભતા શ્રીહરિના દર્શન અને શ્રીહરિથી શોભતા હિંડોળાનાં દર્શન કરી નયનોને તૃપ્ત કરી કરેલાં દર્શનનો દિવ્ય આનંદ હૈયામાં ભરીને લઈ જવાની ખુશીમાં ફૂલ્યા સમાતા ન હતા.

હિંડોળાની વિવિધ રચનાઓમાં નિત્ય નાવીન્ય પ્રદર્શિત થયું. જરીકામ, પ્લાસ્ટીકના રંગીન મોતી, જનમંગલ નામાવલિ, વિવિધ પદાર્થ, ચિત્રવિચિત્ર રંગમાં સુરેષ આકૃતિઓ, ટચુકડા અરીસા, બિસ્કીટ, પેંડા, ફળફળાદિ, સૂકોમેવો, શાકભાજી, રંગીન અનાજ, નાના કદનાં શ્વેત બટન, પાનપત્તાં ઉપર પાન બીડાં અને સાત્ત્વિક પાનમસાલા, કોપરાના વાટકા કાતરી અને જુદા-જુદા આકારના કાતરા, ફૂલવાટ, ટાફેટાને મળતા વસ્ત્રની પટ્ટીઓ રૂપી કિરણોથી યુક્ત ઉગતા સૂર્યનો ખ્યાલ આપતો **'Friendshipday'** (ફ્રેન્ડશીપ ડે), રૂમાલ, રાખડી, અગરબત્તી એ રીતે નિત્ય નૂતન હિંડોળાના દર્શન કરી સૌએ આકંઠ તૃપ્તિ અનુભવી.

બાઈઓના મંદિરેથી સાં.યો. મહંત સામબાઈ ફઈના માર્ગદર્શન સાથે સાં.યો. બહેનોએ કર્મયોગી બહેનોની સહયોગમાં રચીને મોકલાવેલા હિંડોળાનું આકર્ષણ અદ્ભુત હતું. તેમાં કલા કૌશલ્યથી પૂર્ણ, હૈયાસૂઝ ભરી અવનવી આકૃતિઓ ધરાવતા, પદાર્થોની મુગ્ધ કરી દેતી ગોઠવણી - સર્વ પ્રકારે કાબિલે તારીફ હતી.

તા. ૧૫-૮-૧૧ ના દિવસે હિંડોળા મહોત્સવની સમાપ્તિ થઈ. કોડી આગળનો વિભાગ વનસ્પતિ પાંદડા વગેરેથી શણગારવામાં આવ્યો. ભુજ નિવાસી ડિમ્પલબેન હેમલભાઈ ગોર, સુપુત્રી ખુશી આદિ પરિવાર તરફથી હિંડોળો તથા સમાપ્તિ નિમિત્તે મહાઆરતી, ઠાકરથાળી, રસોઈ સહિત આયોજન કરવામાં આવ્યું. સાંજે ૭:૦૦ વાગ્યે ધુન, મહાઆરતી પછી મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા પૂજારી સંતોએ

આરતી ઉતારી. ઠાકોરજીને હિંડોળેથી ઉતારી સિંહાસને બિરાજમાન કરવામાં આવ્યા. આ રીતે મહોત્સવની સામપ્તિ થઈ. હજારો હરિભક્તોએ દર્શનનો આનંદ પ્રાપ્ત કર્યો.

**:: સ્મૃતિ મંદિર : હિંડોળા મહોત્સવ ::**

સ્મૃતિ મંદિરમાં તા. ૩૧-૭-૧૧, રવિવારે, પ.પૂ.સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદન દાસજીને હસ્તે હિંડોળા મહોત્સવ ખુલ્લો મુકવામાં આવ્યો. ઉપસ્થિત હરિભક્તોએ તાલીઓના ગડગડાટ અને શ્રીહરિના જયનાદ સાથે ઉત્સવને વધાવી આનંદ વ્યકત કર્યો હતો. સ્વામી લક્ષ્મીવલ્લભ દાસજીની દેખરેખ અને માર્ગદર્શન સાથે સંતો તથા હરિભક્તોએ સુકોમેવો, સ્ટીલની કટોરીઓ, અનાજના રંગીન દાણા, વિવિધ પ્રકારની આકૃતિઓ વગેરે નયનરમ્ય હિંડોળાઓમાં ઝૂલતા શ્રીહરિનાં દર્શન કરાવી હરિભક્તોને ભક્તિભાવમાં ભીંજવી દીધા અને ભગવાનને રાજી કર્યા.

મંદિર બહાર ખુલ્લા ભાગમાં બગીચાની અંદર હિમાલય દર્શન, સ્વયં સંચાલિત બોટમાં શ્રીહરિનો જલવિહાર, હિંચકે ઝૂલતા શ્રી નરનારાયણદેવ અને ૧૨ બારણાના હિંડોળામાં બાર બારણે બાર સ્વરૂપે દર્શન આપતા ભગવાન સ્વામિનારાયણ વગેરે આકર્ષણો મનોરમ્ય બની રહ્યાં. હરિભક્તોએ વિશાળ સંખ્યામાં દર્શનનો લાભ લીધો.

ઉત્સવમાં નીચે જણાવેલ હરિભક્ત દાતાઓએ સેવા નોંધાવી હતી.

(૧) રવજી લાલજી કરસન વેકરીયા-રામપર વેકરા (૨) હરજી પ્રેમજી ધનજી હીરાણી-માનકુવા હાલે મોમ્બાસા (૩) કીચેનવાળા ગોવિંદભાઈ-રામપર (૪) પ્રેમજી હરજી શીયાણી-વેકરા હાલે નૈરોબી (૫) ગોવિંદ કેશરા હાલાઈ-માધાપર (૬) તલકશી પોપટભાઈ પુંજા નીસર-મુંબઈ (૭) ડબાસીયા હાઈડ્રીલીંગ હ. લાલજી રામજી-ભક્તિનગર (૮) કરસનભાઈ મનજી રાબડીયા હ. લાલજીભાઈ-બળદિયા હાલે નૈરોબી (૯) કાનજીભાઈ દેવજી મેપાણી-મદનપુર (૧૦) ભીમજીભાઈ શામજી ગોરસીયા-સુખપર (૧૧) સાં.યો. કુંવરબાઈ હીરાલાલ વાગજીઆણી-માધાપર (૧૨) અમરબેન માવજી રત્ના વેકરીયા-સુરજપર (૧૩) શામજીભાઈ હરજી હાલાઈ-ગોડપર (૧૪) ગોપાલભાઈ ભીમજી વેકરીયા-માંડવી હાલે ભુજ (૧૫) મોતીભાઈ પેનવાલા-મુંબઈ.

**:: પ્રસાદીના મંદિરે હિંડોળા દર્શન ::**

ભુજ પ્રસાદીના મંદિરે હિંડોળા ઉત્સવ મનાવવામાં આવ્યો. શ્રીહરિને હિંડોળા ઉત્સવના એક માસ દરમ્યાન દરરોજ વિવિધ રંગબેરંગી સજાવટથી સુશોભિત હિંડોળાઓમાં ઝૂલાવવામાં આવ્યા. સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના માર્ગદર્શન મુજબ સંતો તથા હરિભક્તોએ મળીને સહિયારા પ્રયાસથી સુરેખ અને સુરમ્ય એવા સૂકો મેવો, સ્ટીલનાં પાત્ર, અનાજ, ફળ તથા રંગબેરંગી મનોહર આકૃતિઓના નીત નવીન હિંડોળામાં શ્રીહરિને ઝૂલાવ્યા અને ભક્તવર્ગને હિંડોળે ઝૂલતા ઠાકોરજીના દર્શનનો અમૂલ્ય લાભ આપી સૌને રાજી કર્યા.

**:: મંદિર તરફથી વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક ::**

સંસ્કૃતશાળામાં ગૌરવભરી સિધ્ધિ મેળવનાર, ડીપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત, કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થી દુબરીયા નારાણભાઈ મુળજીભાઈને તથા કાયદાશાસ્ત્રની અનુસ્નાતક પદવીમાં પ્રથમ આવનાર ડી. એલ. કોલેજના વિદ્યાર્થીની મોનિકા ઈન્દરમલ મહેતાને શ્રી સ્વામિનારાયણ ભુજ મંદિર તરફથી સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

તા. ૨૩-૭-૧૧ ના શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના દ્વિતીય પદવીદાન સમારોહમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ કમલા બેનીવાલ તથા યુનિ. ના કુલપતિશ્રીની ઉપસ્થિતિમાં આ ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા.

## :: ચમક ઝમક ::

❖ શ્રાવણ સુદ ૧૧, મંગળવાર, તા. ૯-૮-૧૧ ના સવારે મંદિરના શિખરો ઉપર ધજા ચડાવવામાં આવી. સવારે મંગળા આરતી પછી પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી સાથે વડીલ સંતો અને યજમાનશ્રીઓએ ધજાઓનું વિધિવત પૂજન કર્યું. ત્યારપછી યજમાન હરિભક્તોએ સ્વહસ્તે શિખરો ઉપર ધજા ચડાવી. દર્શન માટે ઉપસ્થિત હરિભક્તોએ શ્રી નરનારાયણદેવના જયનાદ સાથે આનંદ દર્શાવ્યો.

❖ તા. ૨૪-૭-૧૧, રવિવાર, સાંજે ૫:૦૦ થી ૬:૦૦ રેડીયો સ્ટેશન સાથે બેન્કર્સ કોલોની પાસે ચોકમાં સત્સંગસભાનું આયોજન થયું.

❖ તા. ૩૧-૭-૧૧, રવિવારે સાંજે, ૫:૦૦ થી ૬:૦૦ રાવલવાડી રી-લોકેશન સાઈટ, રામેશ્વર બાગમાં સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું.

❖ તા. ૭-૮-૧૧, રવિવાર, સાંજે ૫:૦૦ થી ૬:૦૦ આર.ટી.ઓ. રી-લોકેશન સાઈટ, રામેશ્વર બાગમાં સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું.

❖ તા. ૧૪-૮-૧૧, રવિવાર, સાંજે ૫ થી ૬, ઉમેદનગર કોલોની, ગરબી ચોક, સત્સંગ સભા યોજવામાં આવી.

❖ તા. ૧૩-૮-૧૧, શ્રાવણી પુનમ, શનિવાર, રક્ષાબંધન ઉત્સવના દિવસે પૂજારી મંડળે શ્રી ઘનશ્યામ મહારાજના શણગારમાં હનુમાનદાદાની મૂર્તિની તથા ગણપતિદાદાની મૂર્તિની રચના કરી, શણગાર સાથે રાખડીઓને જોડી ઘનશ્યામ લાલાના દર્શનને વિશેષ રમણીય બનાવ્યાં. દર્શનાર્થી સર્વે હરિભક્તોએ પ્રસન્નતા અનુભવી.

❖ તા. ૧૫-૮-૧૧, સ્વાતંત્ર્ય દિવસે દેવોની ત્રિરંગી વાઘામાં સજાવટ, હાથમાં ત્રિરંગો રાષ્ટ્રધ્વજ અને ત્રિરંગી કમળ દ્વારા અલૌકિક દિવ્ય શોભા બની રહી. વાતાવરણમાં દેશપ્રેમની સુવાસ મઘમઘી ઊઠી.

## :: સંતોનું વિદેશ પ્રયાણ ::

તા. ૧૧-૮-૧૧ ના દિવસે ઠાકોરજીના થાળની આરતીના દર્શન કર્યા પછી ભુજ મંદિરેથી નીચે જણાવેલ સંતોએ પ.પૂ. મહંત પુ. સ્વામી ધર્મનંદન દાસજી તથા વડીલ સંતોના આશીર્વાદ સાથે નૈરોબી કેનિયા જવા પ્રયાણ કર્યું. (૧) સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી (૨) સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજી (૩) પુ. સ્વામી મુક્તવલ્લભદાસજી (૪) શા. સ્વામી પરમહંસદાસજી (૫) સંગીતકાર સ્વામી શ્રીજીનંદન દાસજી (૬) શા. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી (૭) શા. સ્વામી દેવચરણદાસજી.

બ્રહ્મનિષ્ઠ, વિદ્વાન, શાસ્ત્રના જ્ઞાતા અને પવિત્ર એવા સંતો ઈસ્ટઆફ્રિકામાં વસતા હરિભક્તોને કથા વાર્તા, ધર્મભક્તિ, કીર્તન પ્રવચન, વ્યસનમુક્તિ વગેરેનો બોધ કરશે. ઉપરાંત સત્સંગ બહારના સમાજમાં વધતાં જતાં દૂષણો હરિભક્ત-સમાજમાં કોઈપણ છિદ્ર દ્વારા પ્રવેશ ન કરે તે માટે તકેદારી રાખી ખાસ કરીને યુવાવર્ગ અને બાલવર્ગને સત્સંગમાં પ્રવૃત્ત રાખવા ભલામણ કરશે.

## :: પંચાહ્ન પારાયણ ::

તા. ૧૧-૮-૧૧, શ્રાવણ શુક્લ ૧૩, ગુરુવારથી તા. ૧૫-૮-૧૧, શ્રાવણ કૃષ્ણ-૨, સોમવાર સુધી પાંચ દિવસની કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

કથાના યજમાનપદે ગામ સુખપરના નારણભાઈ શિવજીભાઈ ખેતાણી, ધ.પ. ધનબાઈ સહપરિવાર રહ્યા હતા.

સવારના ભાગમાં કથામાં શા. સ્વામી ધર્મવિહારીદાસજીએ સ.ગુ. સ્વામી શતાનંદમુનિ કૃત 'શિક્ષાપત્રી ભાષ્ય' ની કથાનું દરેક શ્લોકની સરળ સમજણ આપી ભાવવાહી શૈલીમાં શ્રવણ કરાવ્યું. બપોર પછીના ભાગમાં શા. સ્વામી દેવવિહારી દાસજીએ વ્યાસમુનિએ રચેલ 'શ્રીમદ્ ભાગવત' ની

કથાનું શ્રવણ કરાવી શ્રીકૃષ્ણ પરમાત્માના લીલાચરિત્રોનું રસમય પાન કરાવ્યું.

કથા સમાપ્તિ પ્રસંગે કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ યજમાન પરિવારનો પરિચય આપતા યજમાનશ્રીના ચાર પુત્રો તથા તેમના શાળામાં અભ્યાસ કરતા પુત્રોએ કથામાં દરરોજ હાજરી આપી કથાશ્રવણનો લાભ લીધો તેની નોંધ લીધી હતી.

સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ કથાનું તથા કથાનાં શાસ્ત્રોનું મહત્ત્વ સમજાવી શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળવાથી મળતા ફળનો ઉલ્લેખ કરી યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા હતા.

પ.પૂ. મહંતસ્વામી તથા સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીએ યજમાન સદસ્યોને ફૂલહાર તથા કંઠી પહેરાવી સન્માનિત કર્યા હતા તથા પૂ. મહંતસ્વામીને હસ્તે પહેરામણી ભેટ આપવામાં આવી હતી.

મંદિરના શાસ્ત્રી મહારાજ મહેશભાઈએ યજમાનો પાસે ઉત્તરપૂજનની વિધિ કરાવી અને યજમાન પરિવારે આરતી ઉતારી તે પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**:: જન્માષ્ટમી મહોત્સવ ::**

જગદ્‌ગુરુ ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માની જયંતીનો શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો તહેવાર તા. ૨૨-૮-૧૧, શ્રાવણ કૃષ્ણ ૮, સોમવારે સંતો હરિભક્તોના આનંદભર્યા ઉમળકા સાથે ધામધુમભર્યા કાર્યક્રમો સહિત ઉજવવામાં આવ્યો.

ભગવાનના રમણીય શણગાર અને ઠાઠમાઠમય ભવ્ય વાઘા, અંદર બહાર, ઘુમટો, શિખરો તથા પરિસરમાં સર્વત્ર મુખ્ય પ્રવેશદ્વાર સહિત વીજળીનો રંગબેરંગી પ્રકાશ, વિવિધરંગી તોરણોએ મંદિરને અનુપમ શોભા ધારણ કરાવી. શ્રીકૃષ્ણ જયંતી ઉજવવા દેશ-વિદેશમાંથી આવેલ હરિભક્તોથી મંદિરના ઉતારા પણ સમૃધ્ધ બની રહ્યા.

મહોત્સવનો કાર્યક્રમ સવારે આઠ વાગતાં સમૂહ મહાપૂજાથી શરૂ થયો. હરિભક્તોએ મોટી સંખ્યામાં અર્ચનભક્તિનો લાભ લીધો. ત્યારપછી બપોરના ૧:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગતાં સુધી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનમાં બાળકો, યુવાનો, વડીલો સૌ વાજિંત્રોની સૂરાવલી સાથે રસબસ બન્યા. અનેરા આનંદના પર્વનો સૌએ એકતાન થઈ લહાવો માણ્યો.

ત્યારપછીનો કાર્યક્રમ રાત્રે ૯ થી ૧૨ સુધીનો રહ્યો. વિદ્યાર્થી સંતોએ ભગવાનના જન્મનાં તથા લીલાનાં કીર્તનો રજુ કરી સૌને ભક્તિભાવમાં તલ્લીન કર્યા. ઘનશ્યામ બાલમંડળનાં બાળકોએ પ્રસંગને અનુરુપ ભગવદીય કાર્યક્રમ રજુ કર્યા. અને યુવક મંડળના જોમદાર અને જોશીલા યુવાનોએ મટકીફોડના હિંમતભર્યા પ્રયોગ રજુ કરી તાલીઓના ગડગડાટ મેળવ્યા.

રાતના બારના ટકોરે પૂજારી મંડળના સંતોએ આરતીની તૈયારીની ઘંટડીનો રણકાર રેલાવ્યો. ઠાકોરજી આગળ અને બાલકૃષ્ણ પ્રભુના પારણીયા આગળના પડદા ખસી ગયા. પરમાત્માના જન્મનો જયજયકાર વર્તાયો. પ.પૂ. મહંતસ્વામીની સાથે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભ દાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી આદિ વડીલ સંતોએ પારણીયામાં દર્શન આપતા શ્રીકૃષ્ણચંદ્રજીની આરતી ઉતારી. હરિભક્તોએ ''નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી, હાથી ઘોડા પાલખી જય બોલો ઘનશ્યામ કી'' ના નાદથી વાતાવરણને ભક્તિભાવના રંગે રંગી નાખ્યું. પંચાજીરી અને પંચામૃતનો પ્રસાદ લઈ સૌ મીઠાં મધુરાં સ્મરણો સાથે છૂટા પડ્યા.

- અહેવાલ : ઓ. વ્યાસ

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર : હિંડોળા દર્શન

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સર્વાવતારી ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. મહંતસ્વામી હરિસ્વરૂપદાસજીની પ્રસન્નતાર્થે, અંજાર મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી તથા વડીલ સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. સ્વામી નારાયણવલ્લભદાસજી, સ.ગુ. શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, પુ. સ્વામી અક્ષરવલ્લભ દાસજી, પુજારી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, પુ. સ્વામી ધર્મચરણદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સમસ્ત સંતમંડળના શુભસંકલ્પથી દરરોજ કલાત્મક અને વિવિધ ડીઝાઈનોથી મંદિરના શણગાર સહિત હિંડોળાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું.

હિંડોળા મહોત્સવ આ વર્ષે દર વર્ષથી કાંઈક અલગ જ વિશેષ આયોજનમાં થર્મોકોલની વિવિધ ડીઝાઈનો જેવીકે ગોખ, ઝરૂખાઓ તથા ગેલેરી, આર્ચ વિગેરે આર્ટ ડીઝાઈનો તથા કાપડથી બનાવેલ વિવિધ નયનરમ્ય ડીઝાઈનો સભર બનાવેલ હવેલી દર્શનાર્થીઓનું મુખ્ય આકર્ષણ બની તથા બહેનોના મંદિરમાં વિવિધ કલાત્મક ૧૨ હિંડોળાઓએ પણ દર્શનાર્થીઓને જકડી રાખ્યા. નાના બાલ ઘનશ્યામ જેમાં ઝૂલી રહ્યા છે એવાં નાના-નાના ચકડોળ (ઘનશ્યામ ફનવર્લ્ડ) ને જોઈને ભાવવિભોર બનીને દર્શન કરતા હતા તથા સુંદર નયનરમ્ય હવેલી તથા સીલીંગમાં લગાવેલ નાના ટમટમતા તારલા જેવી વિદ્યુત રોશની પણ વિશેષ આકર્ષણ કેન્દ્ર બની આ દરેક શોભાની સાથે શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી સહજાનંદ સ્વામી આમ ત્રણે મંદિરમાં રોજ નિતનવા કલાત્મક હિંડોળાઓ તો ખરા જ. આવા દિવ્ય કલાત્મક હિંડોળામાં ઝૂલતા બાલ પ્રભુના દર્શન કરીને દર્શનાર્થીઓ પોતાને ધન્ય અનુભવતા હતા. આમ એક મહિના સુધી મંદિરના પટાંગણમાં બપોર પછીના સમયગાળામાં મેળા જેવો માહોલ બની રહેતો.

આ વિશેષ દિવ્ય હિંડોળા મહોત્સવનું શુભ ઉદ્દ્ઘાટન તા. ૨૪-૭-૧૧, રવિવારના શુભ દિવસે જાહેર ઉછામણી દ્વારા ઊંચો આંક આપનાર દાનવીર દાતાશ્રીઓની ઉપસ્થિતિમાં ભુજ મંદિરના મહંતસ્વામી તથા અંજાર મંદિરના મહંતસ્વામી આદિ વડીલ સંતોના પવિત્ર વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે ભુજથી પધારેલા ભુજ મંદિરના મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. કેશવપ્રસાદદાસજી આદિ વડીલ સંતો તથા અન્ય યુવાન-વિદ્વાન સંતો તથા પધારેલા મહેમાનોનું "શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, નારાણપર" ના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીતથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ અંજાર મંદિરના મહંતસ્વામી તથા વડીલ સંતો સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી આદિ મંડળના સર્વે સંતોએ પૂ. મહંતસ્વામી તથા સાથે પધારેલા સર્વે સંતોનું તથા મહેમાનોનું પુષ્પમાળા પહેરાવીને ભારતીય પરંપરા મુજબ સ્વાગત કર્યુ. ત્યારપછી શા. સ્વામી દેવચરણદાસજીએ ઉછામણીનો દોર હાથમાં લીધો અને જોત જોતામાં જ એક પછી એક ૨૨ ઉછામણીઓ પુરી થઈ અને એ ઉછામણીમાં ઊંચો આંક આપીને પોતાની સંપત્તિનો સદવ્યય કરનાર દાનવીર દાતાશ્રીઓનું પૂ. ભુજ મંદિરના મહંતસ્વામી આદિ વડીલ સંતોના હસ્તે શાલ ઓઢાળીને બહુમાન કરીને પહેરામણી આપવામાં આવી.

અંતમાં પૂ. પ.પૂ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી એ દાનવીર દાતાશ્રીઓ તથા દિવ્ય હિંડોળા મહોત્સવમાં તન-મનથી સેવા કરનાર સર્વે યુવાનો તથા સભામાં બેઠેલા સર્વે ભક્તો ભાઈઓ, બહેનો, યુવાનોને આશીર્વચન દ્વારા બિરદાવ્યા. આ સાથે ભગવાનના મંગળમય જયનાદ સાથે સભા પૂર્ણ કરવામાં આવી.

આ અદ્‌ભૂત દિવ્ય હિંડોળા મહોત્સવના આયોજનને સફળ બનાવનાર સહયોગી સંતો, કોઠારી સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, પુ. સ્વામી ઘનશ્યામકેશવ દાસજી, પુ. સ્વામી નંદકિશોરદાસજી, પુ. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી તથા સ્વામી નિલકંઠમુનિદાસજી આદિ સર્વે સંતો તથા નાની નાગલપર વાડી વિસ્તારના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા બેન્સાવાળા સર્વે યુવકમંડળના યુવાનો તથા શહેર વિસ્તારના યુવક મંડળના યુવાનો શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની યુવતીઓએ સારો સહયોગ આપ્યો તથા અંજાર મંદિરની કાર્યવાહક સમિતિના સભ્યો પણ પુરેપુરો સહયોગ આપીને હિંડોળા ઉત્સવને શોભાવ્યો હતો.

આ દિવ્ય હિંડોળા મહોત્સવના ઉદ્‌ઘાટનમાં ઉછામણીનો ઊંચો આંક આપીને યજમાન બનનાર દાનવીર દાતાશ્રીઓની નામાવલિ પ.ભ. લાલજી કલ્યાણ શીયાણી-માનકુવા હાલ મોમ્બાસા, વાલજી કરસન હીરાણી-બળદિયા હાલે નૈરોબી, નારાણ મનજી કેરાઈ-બળદિયા હાલે નૈરોબી, અ.નિ. મોહનલાલ ભગવાનજી કોટવાલ-ભુજ, હિતેશ પરબત ભુડિયા-કેરા હાલે ઓલ્ડહામ, વિશ્રામ લાલજી પિંડોરીયા-માધાપર હાલે ઓસ્ટ્રેલિયા, પોપટલાલ પુંજા નીસર-નવાગામ ભચાઉ હાલે મુંબઈ, વાલજી કાનજી હીરાણી-અંજાર હાલે કેન્યા, શામજી ધનજી હીરાણી-અંજાર, રામબાઈ પરબત રાઘવાણી-બળદિયા, સાં.યો. નાનબાઈ કરસન વરસાણી-કેરા તથા હરજીભાઈ કેરાઈ-અંજાર, દેવશીભાઈ વેલજી હાલાઈ-સુરજપર હાલે મોમ્બાસા, રવજીભાઈ કરસન ભુડિયા-ફોટડી, રતનશીભાઈ જેઠાભાઈ ખુથીયા-ભચાઉ હાલે મુંબઈ, વેલજીભાઈ રત્ના ભગત-અંજાર, ધનજી રામજી ભુડિયા-માનકુવા-ઓસ્ટ્રેલિયા, પરબત રવજી હીરાણી-અંજાર હાલે અમેરિકા, રતનશી કરમશીભાઈ પોકાર-અંજાર, કેશરાભાઈ દેવશીભાઈ સાંખલા-અંજાર તથા મહંત સાં.યો. ત્રિવેણીબેન-અંજાર, અ.નિ. રામજીભાઈ દેવશીભાઈ સાંખલા પરિવાર, સંજય મણીલાલ ઠાકરાણી-અંજાર, વેલજીભાઈ નારાણજીભાઈ સોની-અંજાર તથા દેવશી નારાણ ગોંડલીયા હાલે નૈરોબી, કુંવરજી દેવરાજ વેકરીયા-નારાણપર હાલે લંડન, નારાણ વિશ્રામ ભુડિયા-ફોટડી, ખીમજીભાઈ હરજીભાઈ હાલાઈ-ભુજ, પ્રવીણ લાલજી રત્ના હીરાણી-માંડવી હાલે લંડન, ધરમશી પરસોત્તમ વાસાણી-નડિયાદ, કુંવરજી જાદવા છભાડીયા હાલે નૈરોબી, હિતેનભાઈ છગનભાઈ સોની-અંજાર, અમૃતભાઈ શામજી ભગત-કર્ણાટક, નરેન્દ્રભાઈ ચત્રભુજ સોમૈયા-અંજાર, ધનુબાઈ ગોપાલ કાનજી વરસાણી-સામત્રા, સાં.યો. મહંત શામબાઈ અરજણ-ભુજ, હસમુખ ઠક્કર, પિતાશ્રી ભગવાનજીભાઈ, હ. સાં.યો. નીતાબાઈ-દુધઈ, કરસનભાઈ મનજી હીરાણી-ગાંધીધામ, કલ્યાણભાઈ કાનજી હીરાણી-નાની નાગલપર આદિ દાતાશ્રીએ સેવાનો લાભ લીધો હતો.

અંતે આ એક માસથી ચાલતા હિંડોળાના સમાપન તા ૧૫-૮, સોમવારના દિવસે મહાઆરતી તથા ઠાકરથાળી ઓરકેસ્ટ્રા સાથે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું. તેના યજમાન બનવાનો લ્હાવો લેનાર પ.ભ. લાલજીભાઈ કરસનભાઈ કેરાઈ-ગાંધીધામ તથા સમાપનના પૂર્વ દિવસે તા. ૧૪-૮, રવિવારના પણ સાંજના મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું. જેના યજમાનપદે પ.ભ. કનૈયાલાલ મોહનલાલ કોડરાણી-અંજાર એ રહીને લાભ લીધો તથા હિંડોળા સમાપનના દિવસે એક મહિના સુધી સેવા કરનાર યુવાનોને પહેરામણી આપીને બિરદાવવામાં આવ્યા.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

## માંડવી : વિવિધ ઉત્સવો

માંડવી શહેર મધ્યે શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં વિશેષ હિંડોળા મહોત્સવ તથા દિવ્ય વૃંદાવન સ્ટીમરનું ઉદ્ઘાટન તા. ૨૬-૭-૨૦૧૧, કામિકા એકદાશી, મંગળવારના રોજ ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ.પુ. સ્વામી નિષ્કામચરણદાસજી આદિ સંતોની હાજરીમાં ધામધૂમથી કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ હાજરી આપી હતી. દિવ્ય વૃંદાવન સ્ટીમરમાં ૧૨ હિંડોળા જેવા કે ડાયમન્ડ, દિવાસળી, ફૂલવાટ, ચલણી નોટો, સુવર્ણ દાગીના, ફળફુલ વગેરેના દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

આ હિંડોળા મહોત્સવના હિંડોળા, સ્ટીમર વગેરે તૈયાર કરવામાં માંડવી મંદિરના સંતો સ્વામી સત્યપ્રકાશદાસજી, સ્વામી પરમેશ્વરદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, શા. સ્વામી ભક્તિચરણ દાસજી, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-માંડવી મંદિરના સમસ્ત યુવાનો, સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળના તમામ સભ્યોએ હિંડોળા બનાવવામાં સહયોગ આપ્યો હતો. ઉદ્ઘાટન સમારંભમાં સભાપતિ શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી રહ્યા હતા.

તા. ૩૧-૭-૨૦૧૧, રવિવાર ચાતુર્માસ કથા પારાયણ માંડવીના પ.ભ. હરજીભાઈ ગાંગજી વેકરીયા સોની સુપુત્ર મહેશભાઈ સહપરિવારના યજમાનદે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. સંગીતના સથવારે કથા પારાયણના વક્તાપદે શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા સંગીતકાર સ્વામી ઘનશ્યામજીવનદાસજી રહ્યા હતા. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા વિવિધ વેશભૂષા દ્વારા રાસોત્સવ કરી મટકીફોળનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. ત્યારબાદ પ્રસાદવિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે મહંતસ્વામી પુ. સ્વામી કેશવપ્રસાદ દાસજીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૭-૮-૧૧ થી તા. ૧૧-૮-૧૧ સુધી પંચાહ્ન પારાયણ મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. જેના યજમાનપદે માંડવી-નાગલપર હાલે મોમ્બાસાના પ્રેમજીભાઈ નારાણ હાલાઈ, સુત ધીરેશભાઈ સહપરિવાર રહ્યા હતા. સંગીતમય કથાના વક્તાપદે સ્વામી બ્રહ્મમુનિદાસજી, શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા કો. શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી રહ્યા હતા. આ કથા પારાયણ સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી સ્વામી સનાતનદાસજી, સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી માધવપ્રસાદદાસજી, વગેરે સંતોએ આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ : કો. પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી

## એસ.ઓ.એસ.માં નોટબુક વિતરણ

પ.પૂ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી નિરાધાર બાળકોની સંસ્થા એસ.ઓ.એસ.માં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ તરફથી સારા ગુણાંક સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓને સ્વામી પરમહંસદાસજી તથા સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીના વરદ્ હસ્તે સ્કૂલ બેગ તથા નોટબુક, બોલપેન, કી-ચેઈન તથા પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે રોટરી કલબ ઓફ ભુજ-ફ્લેમિંગોના પ્રમુખ શ્રી ભંડારકર તથા મંત્રી શ્રી

આચાર્યે ફૂલહારથી સંતોનું સ્વાગત કરેલ. શ્રી છાયાએ મંદિરની સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજને મદદરૂપ થવાની વાત જણાવેલ. કુલ્લ ૧૮૦ વિદ્યાર્થીઓને સ્ટેશનરી તથા પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ. સંસ્થાના સંચાલકશ્રીએ સંસ્થાનો પરિચય આપેલ. વિદ્યાર્થીઓને શ્રી ભરતભાઈ મહેતા તથા શ્રી ઘનશ્યામભાઈ ગોરના વરદ્ હસ્તે પારિતોષિક વિતરણ થયેલ. રોટેરીયન શ્રી વિમલભાઈ મહેતાએ આભારવિધિ કરેલ.

આ પ્રસંગે સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓને પ્રગતિ સાધક માર્ગ દર્શાવેલ. આ પ્રસંગની યાદગીરી સ્વરૂપે સંસ્થાના પ્રાંગણમાં સંતોના વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

## હરિપર : ઠાકરથાળી

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી અને પ.પૂ.સ.ગુ. મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી શ્રી હરિપર ગામ મધ્યે દર વર્ષની જેમ ચાલુ વર્ષે ચાતુર્માસમાં ઉપદેશાર્થે વિચરણ નિમિત્તે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી પ.પૂ. સ્વામી પુરાણી મહાપુરુષદાસજી તથા પ.પૂ. સ્વામી પુરાણી જયકૃષ્ણદાસજી આદિ સંતોનું મંડળ પધારી ગામના સર્વે સત્સંગીઓને કથા-વાર્તાનો લાભ આપી રાજી કર્યા અને સાથે શ્રીજી મહારાજનો અને સંતોનો રાજીપો મેળવવા માટે સંતોની ઉપસ્થિતિમાં અહીં મંદિરે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક અને યુવતી મંડળ તરફથી તા. ૨૭-૭-૧૧, બુધવારના રોજ ઠાકરથાળી ઉત્સવ રાખેલ. તેમાં નાના-મોટા સર્વે સત્સંગીઓએ રાસનો લાભ લીધો. પૂ. સંતોએ યુવાનોને પ્રેરણાદાયક પ્રવચન કરી આશીર્વાદ આપ્યા બાદ મોહનથાળની પ્રસાદી વહેંચી ઉત્સવની સમાપ્તિ કરેલ.

- અહેવાલ : લાલજી વાલજી હીરાણી

## શ્રી સ્વામિ. વિશ્રાંતિ ભુવન-મુંબઈ હિંડોળા દર્શન

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-મુંબઈ ખાતે તા. ૧૭-૭-૧૧ ના રોજ ધામધુમથી હિંડોળાના પ્રારંભ સાથે હિંડોળાના મુખ્ય યજમાન પ.ભ. મુળજીભાઈ પેથા નીસર, ધ.પ. વેલીબેન સહપરિવાર રહ્યા હતા અને મોટી રકમ હિંડોળા નિમિત્તે ભેટ આપી હતી. સંતોના હસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર હિંડોળા મહોત્સવ દરમ્યાન નાના-મોટા સૌ હરિભક્તોએ યથાશક્તિથી હિંડોળાની સેવા કરી હતી. પ.ભ. ધનજીભાઈ જાદવા વેકરીયા, ધ.પ. અમરબાઈ, હ. સુપુત્ર માવજીભાઈ (કેન્ફોર્ડ બિલ્ડર, યુ.કે.વાળાએ મોટી સેવા આપી હતી. સર્વે હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું. મહંતસ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ સ્વામી ભક્તિવિહારીદાસજી તથા સ્વામી નિર્ભયજીવન દાસજી અને યુવાનોની રાત-દિવસની મહેનતથી થર્મોકોલની વિવિધ કૃતિઓ રચીને રોજ અવનવા હિંડોળાનું સર્જન કરીને શ્રીજી મહારાજને રાજી કરવા માટે ખૂબ જ તન-મનથી સૌ હરિભક્તોએ યોગદાન આપ્યું હતું અને દર રવિવારે સાંજે કથા-વાર્તા, ભજન-ભક્તિ અને છેલ્લે મહાઆરતીનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો.

તા. ૧૨-૮-૨૦૧૧ ના રોજ ભુજથી કેન્યા શિબિર અર્થે જવા માટે સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી આદિ સંતો પધાર્યા હતા અને સાંજે ભજનસંધ્યા અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજીએ ભજન-કીર્તનના મધુર રસથી દરેક હરિભક્તોને તરબોળ કર્યા હતા. રાત્રે મહાપ્રસાદનો દરેક હરિભક્તોએ લ્હાવો લીધો હતો સંતોએ સૌ ભક્તજનોને આશીર્વચન પાઠવ્યા હતા. આ સમગ્ર દોર સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ સંભાળ્યો હતો.

અહેવાલ : પરેશ તુલસીદાસ સાંખલા

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા વિદ્યાર્થીઓને સાઈકલોનું વિતરણ

સીમા જનકલ્યાણ સમિતિ-ગુજરાત દ્વારા સંચાલિત માધાપર ગામે છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા અભાવગ્રસ્ત સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓને સ્કૂલે જવા માટે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના યુવક મંડળના સંચાલક સંતોની પ્રેરણાથી વિદેશ સ્થિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (ઓસ્ટ્રેલિયા) પર્થના યુવાનોના આર્થિક સહયોગથી પ્રાપ્ત થયેલ ૨૧ સાઈકલનું વિતરણ માધાપર ખાતેનાં છાત્રાલયમાં પુ. મહંતસ્વામી ધર્મનંદનદાસજીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. જેમાં પુ. સ્વામી દેવચરણદાસજી સાથે અન્ય સંતો તથા મંદિરના કોઠારી શ્રી રવજીભાઈ ભુડિયા તથા આર.એસ.એસ.ના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ.

પુ. મહંતસ્વામીએ બધા વિદ્યાર્થીઓને તિલક કરી પ્રસાદ અર્પણ કરેલ અને ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર સાથે દેશદાઝ રાખી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાના આશીર્વાદ આપેલ.

- અહેવાલ : વનરાજસિંહ જાડેજા (ગૃહપતિ)

## અંજાર : કથા પારાયણ

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીની પ્રસન્નતાર્થે મંડળના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી આદિ સમસ્ત સંતમંડળના શુભ સંકલ્પથી ચાતુર્માસ પ્રારંભ નિમિત્તે શ્રી શિક્ષાપત્રી ભાષ્ય અને શ્રીમદ્ ભાગવત કથાનું તા. ૧૧-૭-૨૦૧૧ થી તા. ૨૨-૮-૨૦૧૧ સુધી સવારે ૭:૦૦ થી ૮:૦૦ અને સાંજે ૬:૦૦ થી ૭:૦૦ દરમ્યાન આયોજન કરવામાં આવેલ તા. ૧૪-૮ ના સાંજે શ્રીકૃષ્ણ જન્મોત્સવ તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ.

વક્તાપદે શ્રીમદ્ ભાગવત કથાનું પુ. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા શ્રી શિક્ષાપત્રી ભાષ્યનું પુ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીએ સરળ અને સુંદર શૈલીમાં રસપાન કરાવેલ. આ પ્રસંગે કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ હંમેશાં સદ્ગ્રંથોનું વાંચન કરવું અને હમેંશા પવિત્ર વ્યક્તિઓનો સમાગમ કરવો એમ જણાવેલ. આ પ્રસંગમાં ખાસ વિશેષ ધુન તથા મટકીફોડના કાયક્રમોમાં યુવકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ખૂબ જ ભક્તિભાવ સહિત 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી' ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું.

આ શ્રીકૃષ્ણ જન્મોત્સવના યજમાનપદે ગામ અંજારના પ.ભ. છગનલાલ નારાણજી સોની પરિવાર તથા મહાઆરતીના યજમાન કોડરાણી કનૈયાલાલ મોહનલાલ બેચરદાસ પરિવાર રહી ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો હતો.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

## હિરાપર : હિંડોળા ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર-હીરાપર મધ્યે બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણના સાંનિધ્યમાં સ.ગુ.પુ. મહંતસ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી વડીલ સંતોની પ્રેરણા અનુસાર શ્રીહરિનો રાજીપો તથા પ્રસન્નતાર્થે વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા બનાવી શ્રીહરિવરને હિંડોળે ઝૂલાવવાનો ઉત્સવ ઉજવી ધન્ય બન્યા હતા.

સાં.યો. રતનબેનના માર્ગદર્શન હેઠળ કર્મયોગી બહેનો તથા શ્રી મહિલા મંડળ, બાલિકા મંડળ વતી પોતાની કલા-કૌશલ્યથી ફળ, ફૂલ, અનાજ, રમકડાં, રાખડી, ભરતકામ વિવિધ પ્રકારના શણગારથી ભવ્ય અને ભાવનાથી ભરપુર ઉત્સવ ઉજવાયો હતો.

દૈનિક યજમાનપદે શ્રીહરિના વ્હાલા હરિભક્તો રહ્યા હતા. તન, મન, ધન અને પોતાના શરીરની સેવા આપી કૃતાર્થ થયા હતા.

- અહેવાલ : કાનજીભાઈ સુથાર (હીરાપર)

## :: અનુસ્નાતક પરીક્ષામાં ઉત્તીર્ણ સંતો ::

ભુજ મંદિરના સંતો મૈસુર યુનિવર્સિટીની અનુસ્નાતક (એમ.એ) પરીક્ષામાં સંસ્કૃતના વિષય સાથે ફર્સ્ટ ક્લાસમાં ઉત્તીર્ણ થયા છે. મૈસુરમાં રહી મૈસુર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આ સંતોને ભુજ મંદિરના વિદ્વાન સંત આચાર્ય સિધ્ધેશ્વર દાસજીએ પણ ખાસ વર્ગ દ્વારા સંસ્કૃતનો અભ્યાસ કરાવી પરીક્ષા માટે તૈયાર કર્યા હતા.

**<u>ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી સંતો આ પ્રમાણે છે.</u>**

**(૧) સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી ગુરુ મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી. (૨) સ્વામી શુકદેવસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી માધવપ્રસાદ દાસજી (૩) સ્વામી ઘનશ્યામસ્વરૂપ દાસજી ગુરુ સ.ગુ.પુ. સ્વામી મહાપુરુષદાસજી.**

ઉત્તીર્ણ થયેલ સંતોની વિશેષ પ્રગતિ માટે શ્રી નરનારાયણદેવનાં ચરણોમાં પ્રાર્થના.

## કેરા : કથા પારાયણ

ગામ શ્રી કેરા મધ્યે તા. ૧૦-૮-૧૧ થી તા. ૧૪-૮-૧૧ સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પારાયણના યજમાનપદે શ્રી માવજીભાઈ વાલજી હાલાઈ રહ્યા હતા. ભુજ નગરથી સ્વામી હરિબળદાસજી તથા સ્વામી ઉત્તમચરણદાસજી પધાર્યા હતા. વક્તાપદે સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ રહી શ્રોતાઓને કથાનું રસપાન કરાવ્યું હતું. કથાની પૂર્ણાહુતિના દિવસે પ્રસાદરૂપી ભોજન લઈ સૌ હરિભક્તો ધન્ય બન્યાં.

- અહેવાલ : શી. ના. ભુવા (કેરા)


## અક્ષરવાસ

↳ કુ. દિયાબેન પ્રકાશભાઈ વેકરીયા (ઉ.વ. ૧૪ માસ) ગામ બળદિયા હાલે ઈસ્ટલંડન તા. ૧-૬-૨૦૧૧, બુધવારના અક્ષરવાસી થયાં છે. શ્રીજી મહારાજ સદ્‌ગતના આત્માને શાંતિ આપે પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.


↳ પ.ભ. નારણભાઈ રવજી રામજી શીયાણી (ઉ.વ. ૪૭) ગામ ઉ.સુખપરવાળા તા. ૨૮-૬-૨૦૧૧, મંગળવારે શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયાં છે. શ્રીજી મહારાજ તેઓને પોતાની ચરણસેવાનું સુખ આપી તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

↳ પ.ભ. રામજીભાઈ દેવશી ભંડેરી (ઉ.વ. ૯૨) ગામ ઉ.સુખપરવાળા તા. ૬-૭-૨૦૧૧, બુધવારે શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયાં છે. શ્રીજી મહારાજ તેઓને પોતાની ચરણસેવાનું સુખ આપી તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

↳ ગામ સુખપર (રોહા) હાલ મોમ્બાસા-કેન્યાના પ.ભ. અ.નિ. શ્રી કરસનભાઈ પ્રેમજી ભુડિયા, તા. ૩-૮-૧૧, બુધવારના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતાં અક્ષરધામ સીધાવ્યા છે. તેઓ ભુજ શ્રી નરનારાયણદેવ પ્રત્યે અનન્ય નિષ્ઠાવાળા અને ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના વડીલ સંતોની આજ્ઞામાં રહી નિયમ-ધર્મનું ચુસ્ત પાલન કરનારા અને મોમ્બાસા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વર્ષો સુધી પ્રમુખપદે રહી શ્રીજી મહારાજનું ધામ અને સંતોનો રાજીપો મેળવેલ છે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવંગત આત્માને અક્ષરધામમાં અનંત પોતાની સેવામાં રાખી સુખ આપે એ જ પ્રાર્થના.



# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન (લંડન) નો ૩૬ મો પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનનો ૩૬મો પાટોત્સવ તથા શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૩ મો અભિષેક તા. ૧૧-૭-૨૦૧૧ થી તા. ૧૭-૪-૨૦૧૧, અષાઢ સુદ ૧૧ થી અષાઢ વદ ૩૦ (અમાસ) સુધી ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ઉત્સવના મુખ્ય યજમાનપદે કિંગ્સ કિચન લીમીટેડવાળા શ્રી મનુભાઈ શામજી ગાજપરીયા પોતાના સર્વે કર્મચારીઓ સાથે રહ્યા હતા. ઉપરાંત સહયજમાનપદે અનેક હરિભક્તોએ લાભ લીધો હતો. જેમના નામો નીચે મુજબ છે.

(૧) હિરલ વરસાણી તથા વિરજ વરસાણી (રામપર-વેકરા) રીયા હીરાણી તથા નેહા હીરાણી (બળદિયા) દિયા વેકરીયા, દીક્ષા વેકરીયા, ધૈવત વેકરીયા (નારાણપર) હ. કુરજી દેવરાજ તથા શાંતાબેન કુરજી વેકરીયા (નારાણપર). (૨) અ.નિ. રવજી મેઘજી વેકરીયા, અ.નિ. અરવિંદ કલ્યાણ તથા અ.નિ. ધનસુખ કલ્યાણ વેકરીયા, હ. કલ્યાણ રવજી વેકરીયા (બળદિયા). (૩) અ.નિ. શામજી વાઘજી વરસાણી તથા ગં.સ્વ. રાધાબાઈ શામજી વરસાણી (ઉ.સુખપર) (૪) પરબત નાથા હીરાણી સહપરિવાર (મીરજાપર) (૫) હીરજી શામજી રાબડીયા સહપરિવાર (બળદિયા) (૬) કે. કે. બિલ્ડર્સ લિ. (બળદિયા) (૭) દેવજી કરસન ખીમાણી (દહીંસરા) (૮) ખીમજી શામજી જેસાણી (બળદિયા) (૯) વીરજી ધનજી ગામી સહપરિવાર (કેરા) (૧૦) રામજી વાલજી જેસાણી સહપરિવાર (બળદિયા) (૧૧) અ.નિ. રામજી દેવરાજ ખેતાણી સહપરિવાર (ફોટડી) (૧૨) મનુભાઈ કાનજી મકવાણા (ઉ.સુખપર) (૧૩) અ.નિ. લક્ષ્મીબેન છોટુભાઈ પટેલ (નવસારી-કાઠીયાવાડી), (૧૪) અ.નિ. વેલજી હીરજી પિંડોરીયા સહપરિવાર (આ. સુખપર), (૧૫) રામજી હરજી ભુડિયા સહપરિવાર (ગોડપર), (૧૬) કરસન અરજણ ગાજપરીયા (ગોડપર), (૧૭) પ્રેમબાઈ રામજી વોરા (કેરા) (૧૮) કાન્તાબેન રવજી ગાજપરીયા (બળદિયા) (૧૯) ધનબાઈ કેશરા પિંડોરીયા (દહીંસરા), (૨૦) અ.નિ. વાલજી કુરજી હીરાણી સહપરિવાર (બળદિયા). (૨૧) અ.નિ. નારણ જાદવા ખેતાણી તથા ગં.સ્વ. સુંદરબાઈ નારણ (ઉ.સુખપર) (૨૨) ફાલ્ગુનીબેન ભીમજી જેસાણી-બળદિયા (૨૩) ચાર બહેન હરિભક્તો તથા એક હરિભક્ત ભાઈ. (૨૪) નાનજી શામજી વરસાણી (ઉ.સુખપર).

આ ઉત્સવની પૂર્વ તૈયારીઓમાં મંદિરના યુવાન ભાઈ-બહેનોએ સભામંડપને ખૂબ જ સારી રીતે સજાવ્યો હતો. વક્તાશ્રીના મંડપને ચારેબાજુ શોભાયમાન નકશીકામ ચોકી ઉપર ઘુમટ મુકી અંદર નવી જાતની બત્તીઓ મુકીને શણગારેલ હતો. સંત મહાત્માઓના મંડપને ચારેબાજુ દેદિપ્યમાન સ્થંભો તથા પાંદડાથી શણગારેલ હતો અને ઉપર જાજમ પાથરી હતી. સભાખંડ કાગળની દાંડીઓ તથા લાંબી ધજા પતાકા તથા રંગબેરંગી ઝીણી બત્તીઓથી શોભાયમાન હતો.

સોમવારે સવારે ૮:૦૦ વાગ્યે હાજર રહેલ યજમાનો દ્વારા પૂજાવિધિ કરાવી ૯:૦૦ વાગ્યે કથાની શુભ શરૂઆત થઈ હતી. ગુરુવારના દિવસે સાંજે ફક્ત બહેનો માટે મંદિરના ઉપરના હોલમાં ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેનું સમગ્ર સંચાલન બહેનોએ જ સંભાળેલ હતું. શુક્રવારે સાંજે યુવક મંડળના ભક્તો તરફથી ભજનનો તથા રાસ ઉત્સવનો કાર્યક્રમ રાખેલ હતો. જેમાં દરેક હરિભક્તો માટે પ્રસાદરૂપી ભોજન રાખ્યું હતું. જેના યજમાનપદે ગામ બળદિયાના શ્રી

મેઘજીભાઈ નાથા હીરાણીએ લાભ લીધો હતો. ગુરુવારે સાંજે અમદાવાદથી પૂ. મોટા મહારાજશ્રી લંડન પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે શુક્રવારે સવારે અષાઢ સુદ પુનમ (ગુરુપૂર્ણિમા) ના દિવસે શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કર્યો હતો. ભુજના પવિત્ર સંતો અભિષેકમાં સાથે રહ્યા હતા. પૂ. મોટા મહારાજશ્રીએ શુક્રવારની સવારની તથા સાંજની સભામાં હાજર રહી હરિભક્તોને દર્શનનો તથા અમૃતવાણીનો લાભ આપી સૌને આનંદ આપ્યો હતો. અભિષેક માટે ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. જેમના નામ નીચે મુજબ છે.

(૧) હીરલ તથા વિરલ વરસાણી, રીયા તથા નેહા હીરાણી, દિયા, દીક્ષા તથા ધૈવત વેકરીયા હ. કુરજી દેવરાજ તથા શાન્તાબેન કુરજી વેકરીયા (નારાણપર) (૨) મનજી કરસન વેકરીયા સહપરિવાર (બળદિયા) (૩) રામજી વાલજી જેસાણી સહપરિવાર (બળદિયા) (૪) શાન્તાબેન કાન્તિલાલ પટેલ (૫) અ.નિ. મુરજી લાલજી વેકરીયા તથા અ.નિ. કેશરબાઈ મુરજી (ઉ.સુખપર) (૬) અ.નિ. કુરજી કાનજી ભુવા સહપરિવાર (ઉ.સુખપર).

અભિષેક બાદ ઠાકોરજી આગળ જુદી-જુદી વાનગીઓનો અન્નકૂટ ભરવામાં આવ્યો હતો. જેના યજમાનપદે અ.નિ. મેઘજી કાનજી હીરાણી તથા અ.નિ. પ્રેમબાઈ મેઘજી હીરાણી (નારાણપર) અ.નિ. વાલબાઈ ધનજી ઠાકરાણી (બળદિયા), અ.નિ. ધનબાઈ મનજી શીવજી હાલાઈ (સુરજપર) તથા જેઠાલાલભાઈ ધનજી સવાણી (કેરા) રહ્યા હતા. અન્નકૂટનાં દર્શન માટે ચડાવો લેવામાં આવ્યો હતો. જેમાં ભારે રસાકસી બાદ ઉત્સવના મુખ્ય યજમાન ભાઈશ્રી મનુભાઈ શામજી ગાજપરીયાએ સૌથી ઊંચો આંક આપીને મોટા મહારાજશ્રીની સાથે રહી આરતી ઉતારી હતી.

શનિવારે સાંજે ગુજરાતી શાળાના બાળકોનો કાર્યક્રમ હતો. જેમાં ઘનશ્યામ બાળકેન્દ્રના બાળકો તથા યુવક મંડળના બાળકોએ સાથ આપી જુદા-જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો, લેઝીયમ, સંસ્કૃતના શ્લોકો, નાટકો વગેરે કરીને સભાજનોને આનંદિત કર્યા હતા. આ દરેક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને મુખ્ય યજમાન શ્રી મનુભાઈ તરફથી ભેટ આપવામાં આવી હતી. ઉપરાંત ગુજરાતી શાખાની વાર્ષિક પરીક્ષામાં સારા ગુણે ઉત્તિર્ણ બાળકોને પણ મનુભાઈ તથા ધ.પ. કાન્તાબેને પુત્ર દિપક તથા પુત્રી હેમાબેનને સાથે રાખી ઈનામો આપી સૌ હરિભક્તોના મન રાજી કર્યા હતા. આ પ્રસંગે ઠાકરથાળી ઉત્સવ પણ રાખવામાં આવ્યો હતો. જેના યજમાન અ.નિ. રવજી મેઘજી વેકરીયા, અ.નિ. અરવિંદ કલ્યાણ તથા અ.નિ. ધનસુખ કલ્યાણ હ. કલ્યાણ રવજી વેકરીયા (બળદિયા) તથા કાન્તિલાલ રામજી કેરાઈ (બળદિયા) રહ્યા હતા. રાસ ઉત્સવ પણ થયો હતો.

રવિવારે સવારે કથાની સમાપ્તિ કરવામાં આવી હતી. યજમાન તરફથી પહેરામણી તથા મંદિર તરફથી યજમાનને પહેરામણી આપવામાં આવી હતી. મનુભાઈએ આભારવિધિ કરી હતી. મોટા સંતોના આશિષ વચનો મળ્યાં હતાં. બપોરે સૌ હાજર હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું. સૌ આનંદવિભોર બની ઉત્સવનો આનંદ અનુભવતા વિખરાયા હતા. ઉત્સવ ભવ્યતાબંધ ઉજવાયો હતો.

આ પટોત્સવ નિમિત્તે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પણ કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે રહેવાનો ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. જેમનાં નામો નીચે મુજબ છે.

(૧) પ્રેમબાઈ રામજી વોરા (૨) કાન્તિલાલ નાનજી હાલાઈ (કેરા) (૩) કુરજી દેવરાજ વેકરીયા તથા શાન્તાબેન કુરજી (નારાણપર) (૪) અ.નિ. નિર્ગુણસ્વરૂપદાસજી સ્વામીની પુણ્યસ્મૃતિમાં હ. કુરજી દેવરાજ વેકરીયા (નારાણપર) (૫) અ.નિ. કરસન નાથા ખીમાણી તથા અ.નિ. ધનબાઈ કરસન (દહીંસરા). (૬) અ.નિ. લાલજી વિશ્રામ ભુડિયા (કેરા) (૭) અ.નિ. દેવજી કુંવરજી વરસાણી સહકુટુંબ (નારાણપર) (૮) અ.નિ. નારણ જાદવા ખેતાણી,

ધ.પ.ગં.સ્વ. સુંદર નારણ (ઉ.સુખપર) (૯) અ.નિ. ધનબાઈ મનજી શીવજી હાલાઈ સહપરિવાર-(સુરજપર) (૧૦) ધનજી મુરજી ગામી સહકુટુંબ (કેરા) (૧૧) કાન્તાબેન રવજી ગાજપરીયા (૧૨) અ.નિ. કાનજી હરજી નાથા વરસાણી (સામત્રા) (૧૩) ખીમજી મેઘજી હીરાણી (કોડકી) (૧૪) એક હરિભક્ત.

- અહેવાલ : મંદિરના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીશ્રીઓ

## કેન્ટન હેરો : વાર્ષિક સભા

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટન હેરો (યુ.કે.) ની વાર્ષિક સભા રવિવાર તા. ૧૭-૭-૨૦૧૧ ના રોજ બોલાવવામાં આવી હતી. જેમાં વાર્ષિક આવક-જાવકના હિસાબના વાંચન બાદ નીચે મુજબના હોદ્દેદારો તથા સભ્યોની વરણી કરવામાં આવી.

પ્રમુખ : વિશ્રામભાઈ વાઘજી માયાણી-દહીંસરા, ઉપપ્રમુખ : સુરેશભાઈ શીવજી રાબડીયા-માંડવી, મંત્રી : કાનજીભાઈ મનજી કેરાઈ-રામપર, સહમંત્રી : નિતેશભાઈ વિશ્રામ હીરાણી-માંડવી, મદદનીશ મંત્રી : હરીશભાઈ કરસન જેસાણી-દહીંસરા, ખજાનચી : ધનજીભાઈ પરબત હાલારીયા-કેરા, સહખજાનચી : ધનજીભાઈ કરસન વરસાણી-કેરા, મદદનીશ ખજાનચી : લલિતભાઈ કરસન ભંડેરી-માંડવી.

સલાહકાર સભ્યો : મનસુખભાઈ કરસન માયાણી-દહીંસરા, અરવિંદભાઈ કરસન ભંડેરી-માંડવી, દેવજીભાઈ વિશ્રામ હાલાઈ-દહીંસરા, ધનજીભાઈ લાલજી રાબડીયા-સરલી, ધીરજભાઈ ધનજી રાબડીયા-વાડાસર, દિપકભાઈ કાનજી હીરાણી-માંડવી, જયેશભાઈ રવજી કેરાઈ-દહીંસરા, મહેશભાઈ ભંડેરી-દહીંસરા, મનજીભાઈ લાલજી રાઘવાણી-બળદિયા, નારણભાઈ વેલજી ભુડિયા-નારાણપર, વાલજીભાઈ શામજી ડબાસીયા-કોડકી.

- અહેવાલ : વિશ્રામભાઈ વાઘજી માયાણી (પ્રમુખ)
કાનજીભાઈ મનજી કેરાઈ (મંત્રી)

## ઈસ્ટ લંડન : ઠાકરથાળી

તા. ૧૨-૬-૨૦૧૧, રવિવારના ભુજ મંદિરના અ.નિ. સ્વામી ભગવતસ્વરૂપ દાસજી,અ.નિ. નારણભાઈ હરજી વેકરીયા, ધ.પ. અ.નિ. રામબાઈની પુણ્યસ્મૃતિમાં હ. સુપુત્ર દેવશીભાઈ આદિ પરિવાર તરફથી, તા. ૧૨-૬-૨૦૧૧, રવિવારના કુમાર શનેય વિનેશભાઈ વેકરીયા આદિ પરિવાર ગામ ઉ. સુખપરવાળા તરફથી, તા. ૧૭-૭-૨૦૧૧, રવિવારના પ.ભ. જીતેશકુમાર સી. પટેલ તથા રૂપલબેન જીતેશભાઈ આદિ પરિવાર ગામ પીપળાવવાળા તરફથી તથા તા. ૩૧-૭-૨૦૧૧, રવિવારે પ.ભ. ઋષિકુમાર રાજેશભાઈ કરસન હીરાણી આદિ પરિવાર ગામ ઉ. સુખપરવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવો ઉજવવામાં આવ્યા.

તા. ૧૯-૬-૨૦૧૧, રવિવારે શ્રી સ્વાનિારાયણ મંદિર (બહેનોનું) માનકુવા-જુનાવાસના નૂતન મંદિર યજ્ઞ મહોત્સવ નિમિત્તે ભોજન મહાપ્રસાદ લઈ હરિભક્તો ધન્ય બન્યા.

- અહેવાલ : પુલકિતભાઈ કોરાટ (મંત્રી)

## શ્રી સ્વામિ. મંદિર-સીડની (ઓસ્ટ્રેલિયા) : દશાબ્દી મહોત્સવ

ઈષ્ટદેવ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંતસ્વામી તથા બ્રહ્મનિષ્ઠ વડીલ સંતોના દિવ્ય આશીર્વાદ તથા પ્રેરણાથી સીડનીમાં સત્સંગ પ્રવૃત્તિનો ખૂબ જ વિકાસ થઈ રહ્યો છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તો દુનિયાના ખૂણે ખૂણે વસે છે અને સંપ્રદાયના સિધ્ધાંતોને ફેલાવે છે. સીડની શહેરમાં આ કાર્ય સારા પ્રમાણમાં થઈ રહ્યું છે. આજથી દશ વર્ષ પહેલાં સીડનીમાં કચ્છના હરિભક્તો તેમની કર્મભૂમિ છોડીને સીડનીમાં સ્થાઈ થવા માટે આવ્યા. થોડા સમયમાં એકબીજાને ઘરે સભા રાખતા. જ્યાં નિત્ય-નિયમ, કથા-વાર્તા, ભજન-ભક્તિ થતી. ત્યારબાદ ટૂંક સમયમાં હરિભક્તોની સંખ્યા વધતી થઈ. સત્સંગ કરવામાં સુગમતા રહે, એ હેતુથી સભાને ભાડાના હોલમાં રાખવા માટે હરિભક્તો તૈયાર થયા. તે

જ સમયે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ હેઠળ **'Shree Swaminarayan Temple Sydney INC'** ના નામની સંસ્થાને રજીસ્ટર કરવામાં આવી.

આ સંસ્થાની કમિટી અને યુવક મંડળના કાર્યકર્તાઓએ આ વર્ષે દશાબ્દી મહોત્સવ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવા માટે રાજી થયા. શનિવાર, તા. ૨-૭-૨૦૧૧ ના રોજ અષાઢ સુદ-૧, એટલે કે કચ્છી અષાઢી વર્ષારંભના દિવસે સાંજે ઠાકોરજીની આરતી-સ્તુતિ, નિત્ય-નિયમો બાદ સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ થયો. પ્રથમ આપણા બાળ યુવકો અને યુવતીઓએ ઓસ્ટ્રેલિયા અને ભારતના રાષ્ટ્રીય ગીતોનું પ્રદર્શન કર્યું. ત્યારબાદ મંચ ઉપર બાળ યુવકો અને યુવતીઓએ પોતાની શૈલી ભાષામાં એક વચનામૃત, ઘનશ્યામ બાળ લીલાની વાર્તા, નૃત્ય-ગરબો વગેરેના કાર્યક્રમો સભામાં રજૂ કરી સૌને ખૂબ જ રાજી કર્યા. ત્યારબાદ મંચ ઉપર યુવકોએ તેમની ભક્તિસંગીતની કળાથી દર્શકોને રાજી કર્યા. ત્યારબાદ યુવતી મંડળ તથા યુવક મંડળના યુવાન કલાકારોએ સરસ મજાનું રૂપક સભા સમક્ષ દર્શાવ્યું. રૂપક નિહાળીને દર્શકોને પણ ખૂબ રમુજ સાથે શીખ પણ મળી. ત્યારબાદ યુવકો દ્વારા ''હ્યુમન પિરામીડ'' કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. યુવાનોએ તેમના દાવોનું પ્રદર્શન ખૂબ જ સારા પ્રમાણમાં કર્યું.

ત્યારબાદ સર્વે કાર્યક્રમમાં ભાગ લેનાર યુવાનોને મંદિર તરફથી પુરસ્કાર દેવામાં આવ્યો. ત્યારબાદ યજમાનોની પહેરામણી અને તે પછી રાફેલ-દ્રો કાર્યક્રમની સમાપ્તિમાં અધ્યક્ષશ્રી નારણભાઈ મનજી વરસાણીએ સભાને સંબોધી અને મંદિર વતી તમામ હરિભક્તોનો આભાર માન્યો. અંતે યોગાનુયોગ આ પ્રસંગે તમામ હરિભક્તોને ફોન દ્વારા મહંતસ્વામીના શુભાશીર્વાદ પણ મળ્યા. ત્યારબાદ સર્વે હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું.

## ભેટનીયાદી

૧૦૧/- હિસ્તાબેન નીતિનભાઈ પટેલ-ભુજ જન્મદિન નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૫૧/- જનકભાઈ માધવલાલ ભટ્ટ-ભુજ જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૦૦/- પ્રીતેશભાઈ વીરજીભાઈ ભુડિયા-ફોટડી હાલે મોમ્બાસા જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૫૧/- રમેશ કાનજી વરસાણી-સામત્રા આર્મડા ગાડી ખરીદી તે નિમિત્તે ભેટ.
૨૫૦/- ચેતનાબેન સુદિપ શાહ-લાકડીયા હાલે મુંબઈ ૧૭ જુલાઈના જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૫૧/- નરસિંહભાઈ કાનજીભાઈ-ભુજ પૌત્ર ચિ. દર્શિલકુમારના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- ભાવિક ઉમેશચંદ્ર પંડ્યા-અંજાર જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૦૦/- વસંત દેવજી પિંડોરીયા - નારાણપર સગાઈ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૦૦/- ભાવિકાબેન હિતેશ કણબી હ. માતુશ્રી કેશરબાઈ-દહીંસરા પુત્રીના જન્મ પ્રસંગે ભેટ.
૧૦૦/- વીરજી લાલજી વેકરીયા-પિયાવા માંડવી શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૧/- ગોવિંદ શામજી વેકરીયા-નાગલપર-માંડવી બેંગ્લોરમાં અભ્યાસ કરી સારા માર્કસ પાસ થતાં ભેટ.
૨૫૧/- ઓમકાર વી. ભટ્ટ - રવાપર શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૧૧/- શિવજીભાઈ ધનજી માસ્તર-માધાપર પૌત્રી ચિ. મોનિકા ઓસ્ટ્રેલિયામાં નર્સીંગ ટ્રેનીંગમાં પાસ થતાં ભેટ.
૧૦૧/- હરિશ રામજી વરસાણી હ. રામજી લાલજી-માધાપર પૌત્રીઓ ચિ. ખુશી તથા જાહ્નવીના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૨૫/- અનિલ નારાણ ખીમજી હીરાણી-બળદિયા હાલે લંડન લગ્ન નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦/- મનજી દેવજી વેકરીયા-શીરવા (માંડવી) સુપુત્ર ચિ. શૈલેષના જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૦/- નિતેશ હરજી વરસાણી-માધાપર ચિ. રીયાના જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ કૃપાર્થે ભેટ.
૫૦૦/- મનસુખ શામજી ખુથીયા પરિવાર-ભચાઉ ભચાઉના નવા બંગલાના વસ્તુ નિમિત્તે ભેટ.
૨૫૧/- રૂડા મનજી ધનાણી-સુખપર શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભેટ.
૫૦૧/- રોહિત લાલજી જાદવા વેકરીયા - સુખપર જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
















(૧) અંજાર મંદિરે હિંડોળા દર્શન. (૨) કેન્ટન-હેરો (યુ.કે.) મંદિરમાં હિમાલયની ગુફા સાથે હિંડોળા દર્શન. (૩) ઓલ્ધામ - યુ.કે મંદિરમાં સંતો મહાપૂજા કરાવે છે. (૪) ઓલ્ધામ - યુ.કે. મંદિરમાં આરતી ઉતારતાં કર્મયોગી બહેનો. (૫) સુખપર સ્વામિનારાયણ મંદિરે શ્રાવણી એકાદશીએ લીલી ખારેકનો શણગાર. (૬) મેઘપર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા દર્શન. (૭) શ્રીજી કંપની શીસલ્સના અલમન્ડા કેમ્પમાં હિંડોળા ઉત્સવ.


૧


૨


૩


૪


૫


૬


૭


૮


૯

(૧-૨) સ્વામિનારાયણ મંદિર અંજાર મધ્યે થરમોકોલ દ્વારા સજાવટ અને હિંડોળાનું ઉદ્ઘાટન કરતા મહંત સ્વામી આદિ સંતો. (૩) સ્મૃતિ મંદિર ભુજ હિંડોળા ઉત્સવમાં હિમાલય દર્શનનું ઉદ્ઘાટન કરતા મહંત સ્વામી આદિ સંતો. (૪) ભુજ મંદિરે ચાતુર્માસ કથામાં શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી ઉતારતા હરિભક્તો. (૫) ભારતના તીર્થયાત્રાના પ્રવાસે તથા ભારતમાં ધંધાર્થે જુદા જુદા સ્થળોએ વસતા હરિભક્તોને દર્શન કથાવાર્તાનો લાભ આપવા જઈ રહેલા ભુજ મંદિરના સંતોને આશીર્વાદ આપતા મહંત સ્વામી. (૬-૭) પ્રસાદી મંદિર ભુજમાં હિંડોળા દર્શન. (૮) ગાંધીધામ ગુરુકુળમાં હિંડોળા દર્શન. (૯) માંડવી મંદિરે હિંડોળા દર્શન.